

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ


رَبِّ زِدْنِیْ عِلْمًا وَّارْزُقْنِیْ فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-2, January-2026**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૨૯



**સંપાદક મંડળ**

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

**સહતંત્રી :** ફૈઝમોહંમદ મસી

**સલાહ–માર્ગદર્શન :** મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

**લેસર&ગ્રાફીક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

**વ્યવસ્થાપક :** રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

દરેક સર્જનનો સ્ત્રોત........................... 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................ 9

ગુરરુલ હિકમ ................................11

નહજુલ અસરાર..............................13

- **તરીકત**

મશાયખવાણી...............................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ ....................................31

- **અખ્લાક**

મિસ્બાહુશ્શરીઆ............................ 35

તહ્ઝીબુલ ઈસ્લામ ...........................37

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન...41

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત......................................47

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – બનુ હાશિમના ગુલામો .....51

હાફિઝ અને હાફિઝા થવા બદલ મુબારકબાદ..53

આપણા ઘરની વાતો ........................ 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 57

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

ملکۂ سبا کے دل میں نورِ ایمان

قرآن میں سلیمانؑ اور ملکۂ سبا کی سبق آموز داستان سے متعلق ایک اور پہلو پیش کیا گیا ہے۔

حضرت سلیمانؑ نے ملکۂ سبا کی عقل و خرد کو آزمانے اور خدا پر ان کے ایمان لانے کے لئے راہ ہموار کرنے کی غرض سے ان کے تخت میں کچھ تبدیلی کرنے کا حکم دیا،

એટલે બીબી બિલ્કીસની સમજદારીને અજમાવવા માટે તખ્તમાં કંઈક ફેરફાર કરવાનો હુકમ આપ્યો.

تاکہ وہ پہچانا نہ جاسکے، چنانچہ ''انہوں نے کہا: ''اس کے تخت میں کچھ تبدیلی کر دو، ہم دیکھتے ہیں کہ وہ سمجھ پاتی ہے یا ان لوگوں میں سے ہے جو ہدایت نہیں پاتے۔''''

(સૂરા નમ્લ, આયત-૪૧)

હવે હઝરત સુલયમાન (અ.)એ હુકમ કર્યો કે એમાં આવી રીતે ફેરફાર કરો કે બીબી બિલ્કીસ તેને આવીને ઓળખે છે કે નહીં તે ખબર પડે.

اگرچہ ملکہ کے تخت کا سبا سے شام میں آ جانا ہی اس بات کے لئے کافی تھا کہ وہ اسے آسانی کے ساتھ نہ پہچان سکے، لیکن اس کے باوجود حضرت سلیمانؑ نے حکم دیا کہ اس میں کچھ تبدیلیاں بھی کر دی جائیں۔ ممکن ہے کہ یہ تبدیلیاں بعض علامتوں اور جواہر کو ادھر ادھر کر کے کی گئی ہوں یا بعض رنگوں کو تبدیل کر دیا گیا ہو۔

એટલે ફેરફાર થઈ ગયા.

صورت حال خواہ کچھ بھی ہو، ''جب ملکہ پہنچی تو کسی نے (تخت کی طرف اشارہ کر کے) کہا:

કે જ્યારે બીબી બિલ્કીસ આવ્યાં, તો કોઈએ તખ્તની તરફ ઈશારો કરીને કહ્યું:

''کیا آپ کا تخت اسی طرح کا ہے؟''''

(સૂરા નમ્લ, આયત-૪૨)

શું આપનું તખ્ત જે છે એ આવું જ છે?

ملکۂ سبا نے نہایت ہی زیرکانہ انداز میں ایک بہت ہی شستہ اور جچا تلا جواب دیتے ہوئے کہا:

એટલે મલિકાએ સબા બીબી બિલ્કીસે એક

گراں قیمت تخت کی بڑی حفاظت کی تھی۔ اسے اپنے خصوصی محل کے خاص کمرے میں اہم مقام پر نصب کیا ہوا تھا، جس کی حفاظت کے لئے خصوصی دستہ مقرر تھا اور اس محل میں نہایت مضبوط دروازے لگے ہوئے تھے۔

બીબી બિલ્કીસ આ તખ્તને ઘણું પસંદ કરતાં હતાં, અને બહુ સુરક્ષિત રાખેલું હતું.

لیکن ان تمام تبدیلیوں کے باوجود ملکہ نے اپنے تخت کو پہچان لیا تھا۔

اس نے فوراً کہا: ''ہم تو اسے پہلے ہی جان چکے تھے اور سر تسلیم خم کر چکے تھے۔''

(સૂરા નમ્લ, આયત-૪૨)

એટલે પછી આગળ કહ્યું બીબી બિલ્કીસે કે, અમે તો જાણી ચૂક્યાં હતાં આને, અને આમની સામે અમે સર ઝુકાવી ચૂક્યાં હતાં.

گویا وہ یہ کہنا چاہتی تھی کہ ان سارے کاموں سے سلیمانؑ کا مقصد یہ تھا کہ ہم ان کے معجزے پر ایمان لے آئیں، لیکن ہم تو اس سے پہلے دوسری علامتوں کی وجہ سے ان کی حقانیت کے معترف ہو چکے ہیں اور ان غیر معمولی چیزوں کو دیکھنے سے پہلے ہی ان پر ایمان لا چکے ہیں۔ اس طرح کے کاموں کی اب چنداں ضرورت نہیں تھی۔

એટલે કે તખ્ત જોઈને આશ્ચર્ય જરાય વ્યકત ન કર્યું, અને સમજી ગયાં કે સુલયમાન (અ.)નો મોઅજિઝો છે. મોઅજિઝો જોયો અને નબી છે તે જાણ્યું, તો એમ કીધું કે આ મોઅજિઝો જોવાની સમજદારીવાળો અને ખૂબ જ એઅતેદાલવાળો જવાબ આપતાં કહ્યું:

''یہ تو خود وہی تخت معلوم ہوتا ہے۔''

(સૂરા નમ્લ, આયત-૪૨)

આ તો મને એ જ તખ્ત દેખાય છે.

اگر وہ کہتی کہ اس جیسا ہے تو جواب صحیح نہ ہوتا،

જો તેઓ કહેતાં કે બિલકુલ એ તો એના જેવો જ છે, તો એ ખોટી વાત કરતાં હોત.

اور اگر کہتی کہ بالکل وہی ہے تو خلافِ احتیاط بات تھی،

જો તેઓ કહેતાં કે એવો ને એવો જ છે — તો પછી હઝરત સુલયમાન (અ.)એ તો ફેરફાર કરાવી નાખ્યા હતા — તો એ પણ ખોટી વાત પડત.

کیونکہ اس قدر لمبے فاصلوں سے اس کے تخت کا سرزمین سلیمانؑ میں آنا عام حالات میں ممکن نہیں تھا۔

એટલે જે રસ્તે બીબી બિલ્કીસ આવ્યાં હતાં, તો જો સામાન્ય રીતે તખ્ત આવ્યું હોત એ જ રસ્તે, તો રસ્તામાં મુલાકાત થઈ ગઈ હોત તખ્તની અને બીબી બિલ્કીસની; પરંતુ બીબી બિલ્કીસને મનમાં ખબર છે કે કદાચ હઝરત સુલયમાન (અ.) નબી પણ હોય અને મોઅજિઝાવાળા હોય એટલે આશ્ચર્ય કરતાં નથી, અને તે આશંકા તેમને છે કે એ જ તખ્ત હોય અને સુલયમાન (અ.)એ કાંઈ મોઅજિઝો બતાવ્યો હશે.

اس کے علاوہ تاریخ میں ہے کہ ملکہ نے اپنے اس

પણ મને જરૂર ન હતી. આના પહેલાં પણ જે મેં નિશાનીઓ જોઈ હતી એમનાથી મને ખબર હતી કે સુલયમાન (અ.) નબી હશે, અને હું મનમાં પહેલાંથી જ ઈમાન લઈ આવી હતી.

”تو اس طرح سے (سلیمانؑ نے) اسے ہر غیر خدا کی عبادت سے روک دیا۔

હવે સુલયમાન (અ.)એ તેમને દાવત આપી, તેમણે કબૂલ કરી, અને હવે ઈમાન પર આવી ગયાં.

ہر چند کہ وہ اس سے پہلے کافروں میں سے تھی۔“

(સૂરા નમ્લ, આયત-૪૩)

એના પહેલાં કાફિર હતાં, પરંતુ ઈમાન લઈ આવ્યાં.

تو اس نے یہ واضح اور روشن علامات دیکھ کر اپنے تاریک ماضی کو الوداع کہا اور اپنی زندگی کے نئے مرحلے میں قدم رکھا، جو نورِ ایمان و یقین سے بھرپور تھا۔

એટલે જે અંધારું ભૂતકાળ હતું તેને અલવિદા કહ્યું અને નવા ભવિષ્ય તરફ આગળ વધ્યાં બીબી બિલ્કીસ. (ક્રમશ:)

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


# આદર્શ પમ્પ સેલ્સ એન્ડ સર્વિસ

**હવે મેળવો મોટર્સ સાથે સર્વિસ પણ**

- શક્તિ પમ્પ, કલામા પમ્પ, JBS પમ્પ ની V4, V6, V8 મોટર્સ અને પમ્પ સેટ મળશે.
- ઘર વપરાશ માટે સેલ્ફ પ્રાઈમિંગ અને ઓપન વેલ પમ્પ મળશે.
- કોલમ પાઇપ, કેસિંગ પાઇપ, પીવીસી પાઇપ રીટેલ તેમજ હોલસેલ ભાવે મળશે.
- Johnson કંપની ના વિવિધ સાઇઝ ના પટ્ટી કેબલ અને એલ્યુમિનિયમ કેબલ મળશે.
- 1kVA થી 1000KVA સુધીના સર્વો સ્ટેબિલાઇઝર્સ પણ મળી રહેશે.
- ડીઓએલ સ્ટાર્ટર, ઓટોસ્વીચ, સિંગલ ફેઝ અને થ્રી ફેઝ પેનલ, ફ્યૂઝ, એમસીસીબી, કોન્ટેક્ટર્સ વિગેરે મળશે.




**જુની-નવી મોટર વેચાણ અને મોટર રીવાઈન્ડિંગ સેવા ઉપલબ્ધ**

**આર.ટી.ઓ. બાયપાસ રોડ, જિલ્લા પંચાયતની બાજુમાં, હિંમતનગર | મો.- 7041020440, 9925969409**

# ગડમથલ

**૩૯૨** | **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) સચ્ચાઈ, સત્યતા, યથાર્થતા (૪)
(૪) વિરોધ, શત્રુતા, દુશ્મની, દ્વેષ (૫)
(૭) ધનિકતા, દોલતમંદી, તવંગરી (૪)
(૯) પાલવ, સાડી કે પહેરણનો છેડો (૩)
(૧૧) મદીના શહેરને લગતું (૩)
(૧૩) પાણી, જળ, વારિ (૨)
(૧૪) પરાગ, ધૂળનો કણ, રજકણ (૨)
(૧૫) ઠાઠમાઠ, ભપકો, વૈભવ (૨)
(૧૬) છળકપટ, દગાબાજી, વિશ્વાસઘાત (૨)
(૧૭) જીભ, ભાષા, બોલી (૩)
(૧૮) આરામ, શાંતિ, સુખચેન, સુખશાંતિ (૩)
(૨૦) સ્પર્શ કરવો તે, ઘસવું (૨)
(૨૧) જમાઈ, દીકરીનો પતિ (૩)
(૨૩) છાતી, પેટના ઉપરનો ભાગ (૨)
(૨૫) ઈચ્છા, ઉત્કંઠા, અભિલાષા, આરઝૂ (૪)
(૨૬) શરીર, કાયા, દેહ (૩)
(૨૭) નમાઝનો એકમ અથવા ભાગ (૩)
(૨૮) ન્યોછાવર થનાર, વારી જનાર (૨)
(૨૯) હલનચલન, ટેવ, આદત (૪)
(૩૧) દોરી, દોરડી, બંધન (૩)
(૩૩) ઊંટની કુરબાની, ઊંટનો વધ (૩)
(૩૪) હજ-ઉમરાના એહરામ બાંધવાનું સ્થળ (૩)
(૩૫) ડાઘો, દાગ, ધબ્બો, કલંક (૨)

## ઊભી ચાવીઓ

(૧) નાયક, અધ્યક્ષ, સ્વામી, પતિ (૪)
(૨) ધનુષ્ય, તીર ફેંકવાનું કામઠું (૩)
(૩) તળિયું, સપાટી નીચેનો ભાગ (૨)
(૪) પીરનો શિષ્ય, અનુયાયી (૩)
(૫) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૬) ઈચ્છુક, અભિલાષી (૫)
(૮) પાલવ, સાડી કે પહેરણનો છેડો (૩)
(૧૦) મેળાવડો, ધાર્મિક સભા (૪)
(૧૨) નીલમણી, વાદળી રંગનો હીરો (૩)
(૧૩) પ્રાચીન કાળની એક કોમનું નામ (૨)
(૧૫) ભપકાદાર, વૈભવથી ભરપૂર (૪)
(૧૮) એક જન્નતનું નામ (૩)
(૧૯) ભાગ્યશાળી, સૌભાગ્યવાન (૫)
(૨૦) દયાળુ, દયાવાન, મહેરબાની કરનાર (૫)
(૨૨) મા, માતા, વૃદ્ધ સ્ત્રી, નોકરાણી (૨)
(૨૪) અવાજ, ધ્વનિ, ગાવાની ક્રિયા (૨)
(૨૫) સૌથી વધારે પવિત્ર, અત્યંત પાક (૪)
(૩૦) ઊણપ, તંગી, અછત, ખોટ (૨)
(૩૨) અવાજ, હંમેશાં, લગાતાર (૨)

તંત્રી લેખ

# દરેક સર્જનનો સ્ત્રોત

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

જેવો મારા વાલિદે પોતાના ભોજનનો છેલ્લો કોળિયો પૂરો કર્યો કે તરત જ તેમણે કહ્યું,

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

મેં કહ્યું, "પિતાજી! આનો અર્થ શું થાય? આપ જ્યારે પોતાનું ભોજન પૂર્ણ કરો છો, તો આવું વાકય શા માટે કહો છો?"

મારા પિતાએ કહ્યું, "બેટા! આ વાકય દ્વારા આપણે અલ્લાહની હમ્દ કરીએ છીએ અને તેની નેઅમતો માટે તેનો શુક્ર અદા કરીએ છીએ. અલ્લાહ કે જેણે આ બધી વસ્તુઓનું સર્જન કર્યું છે, તે આ બધી વસ્તુઓની કાળજી પણ રાખે છે. અલ્લાહે જ આ બધી નેઅમતો આપણને આપી છે, તેથી જ્યારે આપણે તેમનો ઉપયોગ કરીએ, ત્યારે આપણે તેનો શુક્ર પણ અદા કરવો જ જોઈએ."

"બેટા! તું જાણે છે કે અલ્લાહની નેઅમતો એટલી અપરંપાર છે કે જેમને આપણે ગણી પણ શકતા નથી. આ ભોજનનો જ વિચાર કર. કેવી નેઅમતો અલ્લાહે આપણને આપી છે:

"આપણે પોતાની આંખોથી ખોરાકને જોઈએ છીએ. આપણે પોતાના હાથની મદદથી તેને પોતાના મોઢામાં મૂકીએ છીએ. આપણે પોતાના હોઠની મદદથી આપણું મોઢું બંધ કરીએ છીએ અને આપણી જીભની મદદથી તેને મોઢામાં ફેરવીએ છીએ. આપણે તેને દાંતની મદદથી ચાવીએ છીએ અને પછી ગળા નીચે ઉતારી દઈએ છીએ."

"આ બધું આપણને સરળ લાગે છે, છતાં તે ખૂબ આબેહૂબ અને આશ્ચર્યકારક છે. ઉદાહરણ તરીકે, પોતાના હાથ અને આંગળીઓ તરફ નજર કરો અને જુઓ કે તે કેટલાં સુંદર અને રૂપાળાં છે. તમે તમારી આંગળીઓને ઈચ્છો ત્યારે ખોલી શકો છો અને બંધ કરી શકો છો અને તમારી ઈચ્છા મુજબનો આકાર આપી શકો છો. તમે પોતાની ઈચ્છા મુજબ તમારા હાથને વાળી શકો છો. તમારા હાથ અને આંગળીઓ તમારી જરૂરિયાત મુજબ સેવા આપે છે. તમે કદી એવો વિચાર કર્યો છે ખરો કે આપણા હાથ આ રીતે ઉપયોગ માટે ઉપલબ્ધ ન હોત તો?"

આપણા દાંતનું સર્જન પણ ખૂબ આબેહૂબ અને રસપ્રદ છે. અરીસામાં તમારા દાંત તરફ નજર કરો. તેમનામાંના કેટલાક અણીદાર અને તીક્ષ્ણ હોય છે અને ખોરાકને કાપવા માટે વપરાય છે, જ્યારે બીજા દાંત ખોરાકને ચીરવા માટે, પરંતુ

મોટાભાગના તો ખોરાકને વાટવા માટે વપરાય છે. જો દાંત જ ન હોય તો આપણે કેવી રીતે ખાઈ શકત? જો આપણા દાંત એકસરખા જ હોત તો આપણે જુદા જુદા પ્રકારના ખોરાક કેવી રીતે ખાઈ શકત?

"બેટા! આ બધા કરતાં વધારે અદ્‌ભુત બાબત છે લાળ. ખોરાકના પાચન માટે લાળ જરૂરી છે અને તેથી જ તો જો કોળિયાને જેટલો વધારે ચાવવામાં આવે તેટલું સારું છે, જેથી ઝડપથી પાચન થઈ જાય. તદુપરાંત, લાળ ખોરાકને ભીનો બનાવે છે જેથી સરળતાથી ગળાની નીચે ઊતરી જાય. ત્રણ નાની ગ્રંથિઓ લાળને ઉત્પન્ન કરે છે કે જેમને લાળગ્રંથિઓ કહેવામાં આવે છે. જો આપણું મોઢું જ સૂકું હોય તો આપણે શું કરી શકીએ?

આપણે ખાઈ શકીએ ખરા? આપણે બોલી શકીએ ખરા?

કોણ આપણા માટે વિચારી રહ્યું હતું અને જાણતું હતું કે આપણું મોઢું ભીનું હોવું જોઈએ? અથવા લાળ ખોરાકના પાચન માટે અને બોલવા માટે જરૂરી છે?

કોણ આપણા માટે વિચારી રહ્યું હતું અને જાણતું હતું કે આપણને હાથની અને આંગળીઓની જરૂર પડશે?

આનો જવાબ સ્પષ્ટ છે. બેશક, અલ્લાહ તઆલા જ આપણા માટે વિચારી રહ્યો હતો. તે આપણી જરૂરિયાતોને જાણતો હતો અને તેણે એ બધી વસ્તુઓનું સર્જન કર્યું કે જેની આપણને જરૂર હતી.

એ બધું જાણનારો અને બધાં સર્જનોનો સ્ત્રોત અલ્લાહ તઆલા જ છે.

જ્યારે માનવીને તેની બખ્શિશોનું, નેઅમતોનું જ્ઞાન થાય છે, તો તે સ્વયંભૂ તેનાં સુંદર નામો ઉચ્ચારે છે અને તેની હમ્દ કરે છે અને તેની નેઅમતો માટે શુક્ર અદા કરે છે.

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ નો અર્થ થાય: સઘળાં વખાણ એ અલ્લાહના માટે છે કે જે આલમીનનો રબ છે. (The Children's Book On Islam, Part–3, Page–7નો અનુવાદ)





# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## કુરઆન વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٣﴾

❖ જે કાંઈ પણ તેઓ કર્યા કરતા હતા, તેના સંબંધમાં. **(સૂરા હિજ્ર, આયત-૯૩)**

---

فَاصْدَعْ بِمَا تُؤْمَرُ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ ﴿٩٤﴾

❖ હવે તને જે કાંઈ આજ્ઞા આપવામાં આવે છે, તે ખુલ્લું કરીને કહે અને મુશરિકો તરફથી મોઢું ફેરવી લે. **(સૂરા હિજ્ર, આયત-૯૪)**

---

وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ۙ وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا ﴿٨٢﴾

❖ અને કુરઆનમાંથી અમે તે વસ્તુ ઉતારીએ છીએ કે જે મોમિનો માટે શિફા (આરોગ્ય) અને રહમત છે, અને (એ જ વસ્તુઓ) જુલમગારો માટે હાનિ વધારી મૂકનાર સિવાય કાંઈ નથી.

**(સૂરા બની ઈસરાઈલ, આયત-૮૨)**

---

وَاتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ مِنْ كِتَابِ رَبِّكَ ۚ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ وَلَنْ تَجِدَ مِنْ دُوْنِهٖ مُلْتَحَدًا ﴿٢٧﴾

❖ અને તારા પરવરદિગારની કિતાબમાંથી તારા તરફ જે કાંઈ વહી કરવામાં આવ્યું છે, તે પઢ્યા કર; તેના બોલોને બદલનાર કોઈ નથી; અને તને તેના સિવાય પનાહનું સ્થાન બીજે કયાય નહીં મળે.

**(સૂરા કહફ, આયત-૨૭)**

---

كَذٰلِكَ نَقُصُّ عَلَيْكَ مِنْ اَنْۢبَآءِ مَا قَدْ

❖ (અય રસૂલ!) આવી રીતે અમે તને તે બનાવોનું વર્ણન (કહી) સંભળાવીએ છીએ કે જે

سَبَقَ ۚ وَقَدْ اٰتَيْنٰكَ مِنْ لَّدُنَّا ذِكْرًا ﴿٩٩﴾

(આ) આગાઉ બની ચૂકયા છે, અને ખચીત જ અમોએ તને અમારી પોતાની પાસેથી અમારી યાદ કરવાનું એક સાધન (કુરઆન) આપ્યું છે.

**(સૂરા તાહા, આયત–૯૯)**

---

مَنْ اَعْرَضَ عَنْهُ فَاِنَّهٗ يَحْمِلُ يَوْمَ
الْقِيٰمَةِ وِزْرًا ﴿١٠٠﴾

જે તેનાથી મોઢું ફેરવનારો હશે, તે જ નિ:સંશય કયામતના દિવસે (ભારે) બોજો લાદેલો હશે **(સૂરા તાહા, આયત–૧૦૦)**

---

وَقَالَ الرَّسُوْلُ يٰرَبِّ اِنَّ قَوْمِى اتَّخَذُوْا هٰذَا
الْقُرْاٰنَ مَهْجُوْرًا ﴿٣٠﴾

અને (તે વખતે) રસૂલ ફરમાવશે કે અય મારા પરવરદિગાર! નિ:સંશય મારી કોમે આ કુરઆનને તદ્દન ત્યાગી દીધું હતું.

**(સૂરા ફુર્કાન, આયત–૩૦)**

---

وَكَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِىٍّ عَدُوًّا مِّنَ
الْمُجْرِمِيْنَ ۗ وَكَفٰى بِرَبِّكَ هَادِيًا وَّنَصِيْرًا ﴿٣١﴾

અને આવી રીતે અમે દરેક નબી માટે ગુનાહગારોમાંથી એકેકો દુશ્મન બનાવતા આવ્યા છીએ; અને તારો પરવરદિગાર જ હિદાયત અને સહાય માટે પૂરતો છે. **(સૂરા ફુર્કાન, આયત–૩૧)**

---

اِنَّ هٰذَا الْقُرْاٰنَ يَقُصُّ عَلٰى بَنِىْۤ اِسْرَآءِيْلَ
اَكْثَرَ الَّذِىْ هُمْ فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿٧٦﴾

નિ:સંશય બની ઈસરાઈલ જે (બાબતો)માં મતભેદ કરતા હતા, તે માંહેની ઘણીખરી બાબતો તેમને આ કુરઆન સુવિદિત કરી દે છે.

**(સૂરા નમ્લ, આયત–૭૬)**

---

بَلْ هُوَ اٰيٰتٌۢ بَيِّنٰتٌ فِىْ صُدُوْرِ الَّذِيْنَ
اُوْتُوا الْعِلْمَ ؕ وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَاۤ اِلَّا
الظّٰلِمُوْنَ ﴿٤٩﴾

પરંતુ તે લોકોનાં અંત:કરણોમાં કે જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે, આ આયતો સ્પષ્ટ છે; અને જાલિમ લોકો સિવાય અમારી આયતોનો ઈન્કાર કોઈ કરતું નથી.

**(સૂરા અન્કબૂત, આયત–૪૯)**

# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી



## શાસનકર્તા અને આશ્રય આપનાર

٧۔ مِنْ حَقِّ الرَّاعِيِّ اَنْ يَّخْتَارَ لِرَعِيَّتِهٖ مَا يَخْتَارُهٗ لِنَفْسِهٖ

૭. હાકિમે પોતાની રૈયત માટે એ જ બાબત પસંદ કરવી જોઈએ કે જે તે પોતાના માટે પસંદ કરે છે.

٨۔ مِنَ النُّبْلِ اَنْ تَتَيَقَّظَ لِاِيْجَابِ حَقِّ الرَّعِيَّةِ اِلَيْكَ، وَتَتَغَابٰى عَنِ الْجِنَايَةِ عَلَيْكَ

૮. ઉમદાપણું તે છે કે તમે પોતાની રૈયતના અધિકારો પ્રત્યે સજાગ રહો અને તેમના દ્વારા તમારા પર કરાતા અન્યાયની ઉપેક્ષા કરો.

٩۔ وَالٍ ظَلُوْمٌ غَشُوْمٌ خَيْرٌ مِّنْ فِتْنَةٍ تَدُوْمُ

૯. અન્યાયી અને જાલિમ શાસક (પણ) અરાજકતા કરતાં સારો છે.

١٠۔ لَا جَوْرَ اَفْظَعُ مِنْ جَوْرِ حَاكِمٍ

૧૦. શાસકના અન્યાય કરતાં વધુ ખરાબ કોઈ અન્યાય નથી.

## ખોટા સોગંદ

١۔ كَيْفَ يَسْلَمُ مِنْ عَذَابِ اللّٰهِ الْمُتَسَرِّعُ اِلَى الْيَمِيْنِ الْفَاجِرَةِ؟!

૧. જે ખોટા સોગંદ ખાવામાં પાવરધો હોય, તે અલ્લાહના અઝાબથી કેવી રીતે બચી શકે?

٢۔ يَكْثُرُ حَلْفُ الرَّجُلِ لِاَرْبَعٍ مَهَانَةٍ يَّعْرِفُهَا مِنْ نَّفْسِهٖ، اَوْ ضَرَاعَةٍ يَّجْعَلُهَا سَبِيْلًا اِلٰى تَصْدِيْقِهٖ، اَوْ عَيٍّ لِّمَنْطِقِهٖ فَيَتَّخِذُ الْاَيْمَانَ حَشْوًا وَّصِلَةً لِّكَلَامِهٖ، اَوْ لِتُهْمَةٍ قَدْ عُرِفَ بِهَا

૨. બંદામાં ચાર બાબતોને કારણે વધારે સોગંદ ખાય છે: પોતાના વિષેની કંઈ અપમાનજનક બાબત કે જેને તે પોતે જાણે છે, અથવા પોતાની જાતને ભરોસાપાત્ર સાબિત કરવા માટે, અથવા તેની પોતાને વ્યક્ત કરવાની તેની નબળાઈ કે જેના

કારણે તે શબ્દાડંબરનો સહારો લઈને પોતાની વાતને મજબૂત બનાવે છે, અથવા તો તેના પર લાગવામાં આવેલા આરોપના અંતર્ગત.

٣۔ اَسْرَعُ شَیْءٍ عُقُوْبَةً اَلْیَمِیْنُ الْفَاجِرَةُ

૩. જેના કૃત્યના કારણે સૌથી ઝડપથી અઝાબ થશે તે જુઠ્ઠાણુંભરેલ સોગંદ છે.

٤۔ لَا تُعَوِّدْ نَفْسَكَ الْیَمِیْنَ، فَاِنَّ الْحَلَّافَ لَا یَسْلَمُ مِنَ الْاِثْمِ

૪. પોતાની જાતને વાત વાતમાં સોગંદ ખાધા કરવાની ટેવ ન પાડો, કારણ કે વધારેપડતા સોગંદ ખાનારો ગુનાહથી બચી નથી શકતો.

## હલાલ

١۔ عَلَیْكَ بِلُزُوْمِ الْحَلَالِ، وَحُسْنِ الْبِرِّ بِالْعِیَالِ، وَذِكْرِ اللّٰهِ فِیْ كُلِّ حَالٍ

૧. તમારા માટે હલાલ બાબતો અપનાવવી અને કુટુંબીજનો સાથે સારી વર્તણૂક કરવી અને દરેક સંજોગમાં અલ્લાહનો ઝિક્ર કરવો આવશ્યક છે.

## સપનાં અને વાસ્તવિકતા

١۔ قَدْ تَصْدُقُ الْاَحْلَامُ

૧. ક્યારેક સપનાં પણ સાચાં સાબિત થાય છે.

٢۔ اَلرُّؤْیَا الصَّالِحَةُ اِحْدَی الْبِشَارَتَیْنِ

૨. સુંદર અને સાચાં સપનાં બે ખુશખબરીઓમાંથી એક છે.

## સહનશીલ

اَلْحَلِیْمُ

١۔ اَوَّلُ عِوَضِ الْحَلِیْمِ عَنْ حِلْمِهٖ اَنَّ النَّاسَ كُلَّهُمْ اَنْصَارُهٗ عَلٰی خَصْمِهٖ

૧. સહનશીલને તેની સહનશીલતાનો જે પહેલો બદલો મળે છે, તે એ છે કે લોકો તેના દુશ્મનના દુશ્મન અને તેના સહાયક (બનવા તૈયાર) થઈ જાય છે.

٢۔ اَلْحَلِیْمُ یُعْلِیْ هِمَّتَهٗ فِیْمَا جُنِیَ عَلَیْهِ مِنْ طَلَبِ سُوْٓءِ الْمُكَافَاةِ

૨. સહનશીલ પોતાનો ધ્યેય એ બાબતથી ઉચ્ચ રાખે છે કે જે અત્યાચાર તેના ઉપર ગુજારવામાં આવેલા છે તે તેનો બદલો લે (બલ્કે તે ક્ષમાદાન કરે છે).



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

### અર્શ અને કુરસી

એક યહૂદી આલિમે સવાલ કર્યો કે, "અલ્લાહે અર્શને ઉઠાવેલું છે કે અર્શે અલ્લાહને?"

હઝરત (અ.)એ ફરમાવ્યું કે, "ખુદાએ અઝ્ઝ વ જલ્લ આસમાનો, જમીન અને જે કંઈ તેમની વચ્ચે છે અને જે કંઈ તેમની અંદર છે, બધાનો હામિલ (બોજ ઉઠાવનાર) છે, અને એ ઈર્શાદે ખુદાવંદી છે: (અનુવાદ) "અલ્લાહ આસમાનો અને જમીનોને ઝાઈલ (બરબાદ) થતાં રોકે છે, જો તેના સિવાય કોઈ બીજો રોકનાર હોત, તો આ કારખાનું ક્યારનુંય નાશ પામી ગયું હોત. બેશક, ખુદા હલીમ અને ગફૂર છે."

**યહૂદી:** મને ખુદાના આ કોલનો મતલબ સમજાવો કે, "એ દિવસે તારા રબનું અર્શ આઠ ફરિશ્તાઓએ ઉઠાવેલું હશે." તેથી આપનો કોલ: "તે આસમાનો, જમીનને અને અર્શને ઉઠાવે છે."ની તેનાથી કેવી રીતે સમાનતા થશે?

**હઝરત અમીરુલ મોમિનીન (અ.):** અલ્લાહ તઆલાએ અર્શને ચાર અન્વાર (નૂર)થી પેદા કર્યું છે, એક લાલ નૂર છે કે જેનાથી સુરખી (લાલાશ) પેદા કરી, બીજું લીલું નૂર છે કે જેનાથી સબ્ઝી (લીલોતરી) પેદા કરી, ત્રીજું પીળું નૂર કે જેનાથી ઝર્દી (પીળાશ) પેદા કરી, ચોથું સફેદ નૂર કે જેનાથી સફેદી પેદા કરી. આ એ ઈલ્મ છે કે જેને યાદ કરાવવામાં આવ્યું (અર્થાત્ આપવામાં આવ્યું) હામિલાને અર્શ (અર્શને ઉપાડવાવાળા)ને અને આ નૂર તેની અઝમત છે, તેથી તેણે પોતાની અઝમત અને નૂરથી મોમિનોનાં દિલોને દેખતાં કર્યાં, અને એના નૂર અને અઝમતથી જાહિલોએ (પોતાની ગલતફહમીના આધારે) એમનાથી દુશ્મની કરી, અને એની અઝમત અને નૂરથી જમીની અને આસમાની મખ્લૂકાતે પોતાના વિવિધ આમાલથી અને સંદેહમાં નાખનાર દીનોથી તેની તરફ વસીલો શોધ્યો. તેથી દરેક મહમૂલ કે જેને અલ્લાહે પોતાના

નૂર, પોતાની અઝમત અને પોતાની કુદરતથી ઉઠાવેલ છે, ન પોતાના નફ્સ માટે નુકસાનની તાકાત ધરાવે છે કે ન નફાની, ન જિંદગી, હશ્ર અન નશ્રની. તેથી દરેક વસ્તુ મહમૂલ (ઉઠાવવામાં આવેલી) છે, અને અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી આસમાન અને જમીનને બરબાદ થતાં રોકી રાખેલ છે, અને એ બન્નેને એક શય (વસ્તુ)થી ઘેરી રાખેલ છે કે જે દરેક શયની જિંદગી છે અને દરેક શયનું નૂર છે. લોકો જે કંઈ ખોટી વાતો એના વિષે કરે છે, તે એનાથી ખૂબ જ બુલંદ અને શ્રેષ્ઠ છે.

**યહૂદી:** મને બતાવો કે અલ્લાહ કયાં છે?

**હઝરત અમીરુલ મોમિનીન (અ.):** તે અહીં પણ છે અને ત્યાં પણ, ઉપર પણ છે અને નીચે પણ, તેણે (ઈલ્મ અને કુદરતથી) આપણને ઘેરેલા છે, અને દરેક જગ્યાએ આપણી સાથે છે. જેમ કે, તે ફરમાવે છે કે, "જ્યાં ત્રણ જણા ગુપ્ત વાત કરતા હોય, ત્યાં તે ચોથો હોય છે, અને પાંચ જણ કદી નહીં રહે, પરંતુ તે છઠ્ઠો હશે, અને એનાથી ઓછા હોય અથવા વધારે, તે દરેક જગ્યાએ તેમની સાથે છે, ભલે ને તેઓ કયાંય પણ હોય. તેથી કુરસી (અર્થાત્ ઈલ્મે બારી તઆલા) આસમાન અને જમીન, જે કંઈ તેમની વચ્ચે છે અને જે કંઈ તહતસ્સરા (પાતાળ)માં છે, બધાને તેણે ઘેરી રાખેલ છે.

જો તું વધારે સ્પષ્ટતા ઈચ્છતો હોય, તો સાંભળી લે કે તે દરેક ગુપ્ત રહસ્યોને જાણે છે તેથી ઈર્શાદે બારી છે કે, وَسِعَ كُرۡسِيُّهُ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ ۚ وَلَا يَـُٔوۡدُهٗ حِفۡظُهُمَا ۚ وَهُوَ الۡعَلِىُّ الۡعَظِيۡمُ અર્થાત્ તેની કુરસીએ આસમાનો અને જમીનોને ઘેરી રાખેલ છે. એ બન્નેની હિફાઝત તેને થકવતી નથી. તે બુલંદ મર્તબાવાળો અને બુઝુર્ગવાર છે. અર્શને ઉઠાવનારાઓથી મુરાદ ઉલમાએ દીન છે કે જેઓ ઈલાહી ઉલૂમને ધારણ કરનાર (અર્થાત્ અંબિયા અને અઈમ્મા) છે. કોઈ વસ્તુ કે જે મલ્કૂતે ખુદામાં ખલ્ક થાય છે, તે ઉપરોક્ત ચાર નૂરથી ખાલી નથી. આ જ મલ્કૂત છે કે જેમને ખુદા પોતાના અસ્ફિયાને બતાવે છે અને પોતાના ખલીલને બતાવ્યું હતું. જેમ કે તે ફરમાવે છે, "અમે ઈબ્રાહીમને આસમાનો અને જમીનના મલ્કૂત બતાવ્યા કે જેથી તે યકીન કરવાવાળાઓમાંથી રહે." અર્શને ઉઠાવનારા અલ્લાહને કેવી રીતે ઉઠાવી શકે છે જ્યારે કે તેની (આપેલી) હયાતથી તેમનાં દિલો જીવતાં થયાં, અને તેના જ નૂરથી તેમણે માઅરેફત તરફ હિદાયત મેળવી.

(ઉસૂલે કાફી, જિલ્દ–૧,સફહા–૨૦; કિતાબ અત્તૌહીદ)

**જંગે જમલમાં એક અઅરાબીના સવાલનો જવાબ**

(જંગે જમલમાં યુદ્ધના મેદાનમાં એક અઅરાબી હઝરત (અ.)ની નજીક આવ્યો અને સવાલ કર્યો કે, "યા અમીરલ મોમિનીન! આપ જે ખુદાને એક કહો છો, એ "એક"નો ઈત્તેલાક (ચાલુ કરવું) એના પર કેવી રીતે છે?" ઈસ્લામના

મુજાહિદો આ જોઈને ભડકી ગયા અને કહેવા લાગ્યા કે, "અમીરુલ મોમિનીન (અ.) આ વખતે જંગની પરિસ્થિતિમાં છે, અને તું સવાલ કરી રહ્યો છે?" હઝરત (અ.)એ ફરમાવ્યું કે "એને છોડી દો. એ અઅરાબીનો આ જ મકસદ છે કે જે મકસદ માટે આપણે દુશ્મનો સાથે જંગ કરી રહ્યા છીએ." પછી અઅરાબીને ફરમાવ્યું,

"અય અઅરાબી! એ કોલ કે ખુદા એક છે, તે ચાર અર્થમાં હોઈ શકે છે, પરંતુ એમાંથી બે અર્થ ખુદાના માટે યોગ્ય નથી, અને બે અર્થ કે જે ખુદા માટે યોગ્ય અને જાઈઝ નથી (તે એ છે કે) જો કહેનારો એમ કહે અને તેનો મકસદ એવો હોય કે તે સંખ્યાઓ અને ગણતરીમાંથી એક છે, તો એ ખુદા માટે જાઈઝ નથી, એટલા માટે કે જેનો કોઈ સાની (બીજો) ન હોય, તે સંખ્યામાંથી નથી હોઈ શકતો. જેણે એવું કહ્યું કે ત્રણમાંથી ત્રીજો છે, તે કાફિર છે. એવી જ રીતે જો કોઈ ખુદાને એ અર્થોમાં એક કહે, જેમ કહે છે કે તે શખ્સ આદમીઓમાંથી એક છે અર્થાત્ જિન્સ (વસ્તુ)માંથી એક નૌઅ (જાતિ) છે, એ અર્થોમાં પણ ખુદાને એક કહેવું યોગ્ય નથી, કેમ કે એનાથી ઉપમા આવશ્યક આવશે. અમારો પરવરદિગાર એનાથી પાક છે. આ બે અર્થ તો એવા છે કે જે ખુદા માટે યોગ્ય નથી, પરંતુ એ બે અર્થ કે જેના આધારે ખુદાને વાહિદ (એક) કહેવો સહીહ છે, તે એ છે કે એ એવો યકતા (અદ્વિતીય) છે કે વસ્તુઓમાં કોઈ તેને મળતું આવતું નથી. બીજો અર્થ કે જે તેના માટે યોગ્ય છે તે એ છે કે અહદી અલ–માઅની છે, અર્થાત્ તે અસ્તિત્વમાં વહેંચી નથી શકાતો અને ન બુદ્ધિ અને વહેમ તેને સમજી શકે છે, અમારો રબ આવો જ છે.

(કિતાબુત્તૌહીદ, બાબ–૩)

**ઈબ્ને કવ્વાના સવાલો**

(અસ્બગ ઈબ્ને નુબાતાથી રિવાયત છે કે અમે અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં બેઠેલા હતા, એવામાં ઈબ્ને કવ્વાએ આવીને સવાલ કર્યો.)

**(૧) ઈબ્ને કવ્વા:** અય અમીરુલ મોમિનીન! અલ્લાહ અઝ્ઝ વ જલ્લના આ કોલમાં બુયૂત (ઘરો)થી કોણ મુરાદ છે?

وَلَيْسَ الْبِرُّ بِأَنْ تَأْتُوا الْبُيُوتَ مِنْ ظُهُورِهَا وَلَٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقَىٰ ۗ وَأْتُوا الْبُيُوتَ مِنْ أَبْوَابِهَا

*(અને નેકી એ નથી કે તમે ઘરોમાં તેમના પછવાડેથી આવો — પરંતુ નેકી એ છે કે જેણે તકવો કર્યો — અને તમે તમારાં ઘરોમાં તેમના દરવાજાઓથી આવો.)*

(સૂરા બકરા, આયત–૧૮૯)

**અમીરુલ મોમિનીન (અ.):** અમે એ ઘર છીએ કે જેમના વિષે અલ્લાહે હુકમ આપ્યો છે કે એમાં દરવાજાઓથી આવો. અમે જ અલ્લાહના દરવાજા અને તેનાં ઘર છીએ કે જેમાંથી આવવાનો હુકમ આપવામાં આવ્યો છે, તેથી જેણે અમારો હુકમ માન્યો, અને અમારી વિલાયતનો એકરાર કર્યો, તે અલબત્ત તેનાં ઘરોમાં એમના દરવાજાઓથી દાખલ

થયો, અને જેણે અમારો વિરોધ કર્યો, અમારા કરતાં બીજાઓને અમારા પર ફઝીલત આપી, તેઓ ઘરોમાં પાછલા ભાગથી આવ્યા.

**(૨) ઈબ્ને કવ્વા:** અય અમીરુલ મોમિનીન!

وَعَلَى الْأَعْرَافِ رِجَالٌ يَعْرِفُونَ كُلًّا بِسِيمَاهُمْ

*(અઅરાફ પર કેટલાક લોકો હશે કે જેઓ દરેકને તેમની પેશાનીઓથી ઓળખી લેશે.)*

(સૂરા અઅરાફ, આયત-૪૬)

તેઓ કોણ છે?

**અમીરુલ મોમિનીન (અ.):** અમે અઅરાફવાળા લોકો છીએ. અમે પોતાના દોસ્તોને તેમની પેશાનીઓથી ઓળખી લઈશું, અને અમે જ કયામતના દિવસે જન્નત અને જહન્નમની વચ્ચે અઅરાફ પર હોઈશું. જન્નતમાં કોઈ શખ્સ દાખલ નહીં થઈ શકે, પરંતુ એ કે જેણે અમારી માઅરેફત પ્રાપ્ત કરી હોય, અને અમે તેને જાણતા હોઈએ, અને જહન્નમમાં કોઈ દાખલ નહીં થાય, પરંતુ એ કે જેણે અમારો ઈન્કાર કર્યો હોય, અને જેનો અમે ઈન્કાર કરતા હોઈએ અને તે અલ્લાહ અઝ્ઝ વ જલ્લના કારણે છે કે જો તે ચાહે તો પોતાની ઓળખ લોકોને કરાવી દે, એટલે સુધી કે તે તેની માઅરેફત પ્રાપ્ત કરી લે, તેની તારીફ કરવા લાગે, અને તેની પાસે તેના દરવાજાથી આવવા લાગે, પરંતુ તેણે અમને પોતાના દરવાજા અને પોતાનો રસ્તો અને એ દરવાજો ગણ્યો જેનાથી તેની પાસે આવવું જોઈએ, તેથી કોણ છે કે જેણે અમારી વિલાયતથી મોઢું ફેરવ્યું અને અમારાથી બીજાઓને અમારા પર ફઝીલત આપી, તેથી અલ્લાહ ફરમાવે છે:

وَإِنَّ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ عَنِ الصِّرَاطِ لَنَاكِبُونَ ﴿٧٤﴾

*(જેઓ આખેરત પર ઈમાન નથી રાખતા, તેઓ જરૂર રાહે રાસ્તથી હટી જવાવાળા છે.)*

(સૂરા મોમિનૂન, આયત-૭૪)

**(૩) ઈબ્ને કવ્વા:** અલ્લાહની કસમ, કુરઆનની એક આયતે મારા દિલને કમજોર કરી દીધું અને મારા દીનમાં શક પેદા કરી દીધો.

**અમીરુલ મોમિનીન (અ.):** તારી મા તારા ગમમાં બેસે, અને તને નાબૂદ કરી દે, એ શું છે?

**ઈબ્ને કવ્વા:** અલ્લાહ તઆલા ફરમાવે છે:

وَالطَّيْرُ صَافَّاتٍ ۖ كُلٌّ قَدْ عَلِمَ صَلَاتَهُ وَتَسْبِيحَهُ ۗ

*(અને પાંખો ફેલાવીને ઊડવાવાળાં પક્ષીઓ અલ્લાહની જ તસ્બીહ કરતાં રહે છે, અને તેમનામાંથી દરેક પોતાની નમાઝ અને તસ્બીહથી બખૂબી વાકેફ છે.)*

(સૂરા નૂર, આયત-૪૧)

તેથી આ સફ (કતાર) શું છે? અને આ પક્ષીઓ કયાં છે? આ કઈ નમાઝ છે? અને આ તસ્બીહ શું છે?

**અમીરુલ મોમિનીન (અ.):** અય ઈબ્ને કવ્વા! વાય થાય તારા પર, બેશક અલ્લાહે ફરિશ્તાઓને વિવિધ સૂરતોમાં પેદા કર્યા છે. જાણી લે કે અલ્લાહનો એક ફરિશ્તો મુર્ગ (પક્ષી)ની સૂરતનો છે કે જે મોટા અવાજવાળો અને ભૂરા રંગનો છે. તેના પંજા સાતમી જમીન પર અને તેની કલગી અને

તાજ અર્શની નીચે છે. તેની એક બાજુ આગની છે કે જે પૂર્વ દિશામાં છે, અને બીજી બાજુ બરફની છે કે જે પશ્ચિમ દિશામાં છે. જ્યારે કોઈ નમાઝનો સમય આવે છે, તો તે પોતાના પંજાના જોરે ઊભું થાય છે, અને માથાને અર્શની નીચે બુલંદ કરીને બન્ને બાજુઓને એવી રીતે ફફડાવે છે, જેવી રીતે તમારાં મકાનોમાં મુરઘો ફફડાવે છે, ન આગ બરફને પિગળાવી દે છે, અને ન બરફ આગને ખાઈ જાય છે. પછી અવાજ આપે છે:

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ
خَاتَمُ النَّبِيِّيْنَ وَاَنَّ وَصِيَّهُ خَيْرُ الْوَصِيِّيْنَ سُبُّوْحٌ
قُدُّوْسٌ رَبُّ الْمَلٰٓئِكَةِ وَ الرُّوْحِ

તેથી જમીન પર કોઈ મુર્ગ (પક્ષી) એવું નથી કે જે એનો જવાબ ન આપે; અને વળી અલ્લાહનો પણ એ જ કોલ છે કે, "જમીનના તમામ મુર્ગ પોતાની નમાઝ અને તસ્બીહને સારી રીતે જાણે છે."

**ઈબ્ને કવ્વા:** એ બતાવો કે રાત્રે દેખી શકતો હોય એવો કોણ છે? અને દિવસે દેખી શકતો હોય એવો કોણ છે? અને રાતનો આંધળો અને દિવસનો આંધળો કોણ છે? અને રાતનો આંધળો અને દિવસનો દેખતો કોણ છે? અને દિવસનો આંધળો અને રાતનો દેખતો કોણ છે?

**અમીરુલ મોમિનીન (અ.):** વાય થાય તારા પર, તું એવી બાબતો વિષે સવાલ કર કે જે તને લાગતી–વળગતી હોય, એવી બાબતો વિષે નહીં કે જે બાબતથી તને કોઈ લેવા–દેવા ન હોય. વાય થાય તારા પર, રાત્રે તેમ જ દિવસે પણ દેખતો પુરુષ એ છે કે જે રસૂલો પર, પહેલાંના ઔસિયા પર, આસમાની કિતાબો પર, નબીઓ પર તથા અલ્લાહ પર અને તેના નબી મોહંમદ (સ.) પર ઈમાન લાવ્યો, અને જેણે મારી વિલાયતનો એકરાર કર્યો. રાત અને દિવસનો આંધળો એ છે કે જેણે અંબિયા (અ.), ઔસિયા (અ.) અને પહેલાંની કિતાબોનો ઈન્કાર કર્યો. તેણે નબી (સ.)ને સારી રીતે ઓળખી તો લીધા, પરંતુ તેમના પર ઈમાન ન લાવ્યો, અને મારી વિલાયતનો એકરાર પણ ન કર્યો. તેણે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ અને તેના નબી (સ.)નો ઈન્કાર કર્યો હોવાથી તે દિવસ અને રાતનો આંધળો છે. રાતનો દેખતો અને દિવસનો આંધળો એ છે કે જે અંબિયા (અ.) અને કિતાબો પર તો ઈમાન લાવ્યો, પરંતુ અમારા નબી (સ.) અને મારા હકનો ઈન્કાર કર્યો, તેથી તે રાતનો દેખતો અને દિવસનો આંધળો છે. અને રાતનો આંધળો અને દિવસનો દેખતો એ છે કે જેણે પહેલાંના અંબિયા (અ.), ઔસિયા (અ.) અને કિતાબોનો ઈન્કાર કર્યો, અને મોહંમદ (સ.)ને ઓળખ્યા. અલ્લાહ પર, તેના રસૂલ (સ.) પર, અને મારા પર, અને મારી ઈમામત પર ઈમાન લાવ્યો, અને મારી વિલાયતને કબૂલ કરી, તેથી તે રાતનો આંધળો અને દિવસનો દેખતો છે. વાય થાય તારા પર, અય ઈબ્ને કવ્વા! અમે અબૂ તાલિબ (અ.)ની ઓલાદ છીએ. અલ્લાહે ઈસ્લામની શરૂઆત અને તેનો અંત અમારાથી જ કરેલ છે. (ક્રમશ:)



MAZHAR
STYLISH CLOTHING STORE
Fabulous Boutiques & Designer Fashion Store
TRUSTED
SINCE 2016
100% PREMIUM QUALITY PRODUCTS
Wedding Suits | Fancy Duppata | Kurtis | Bottom Wear | Fabrics
શું તમે તમારા લગ્ન પ્રસંગ અને રોજીંદા જીવનની
શોપિંગ માટે ચિંતિત છો...?
"હવે તમારાજ શહેરમાં ઉપલબ્ધ
મઝહર સ્ટોરમાં નવા કલેક્શન માટે
એક વાર અવશ્ય મુલાકાત લો..."
IMPORTANT INFORMATION
હોલસેલ માટે રોકાણ વિના
લેડીઝ કપડાંના
વ્યવસાય સંબંધિત પૂછપરછ
માટે કૃપા કરીને અમારો સંપર્ક કરો.
10+ YEARS EXPERIENCE
5000+ HAPPY CUSTOMERS
EXPERTISE
PRODUCTS DEVELOPEMENT
વધુ માહિતી માટે આજે સંપર્ક કરો :
META
+91 94293 31605
1st Floor, Panjetani Villa, Behind Kalka Temple, At Village : Meta-385520
MAKTABAH SEDRANA SQUARE
+91 97241 91971
F-14/15/16, Luxura Arcade, Opp. Maktabah Jafariyah, Sedrana Square, Siddhpur, Gujarat - 384151
info.mazharclothstore@gmail.com



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૭૯**

**તબ અરઝોકે કહ્યા, એ મુનાસિબ નાંહાં,**
**મુજે ભેજતા હેં લડકેકે, મુકાબલે માંહાં.**

*ત્યારે અરઝોકે કહ્યું કે, એ યોગ્ય નથી કે તું મને એક બાળકના મુકાબલામાં મોકલે છે.*

**જો હઝાર અસવાર, મુજે સામી રે ભેજાવે,**
**તો દિલ રે મેરેમાં, અજબ ના આવે.**

*જો તું મને હજાર ઘોડેસવારોની સામે મોકલે તો પણ મારા દિલમાં કંઈ નવાઈ ન લાગે.*

**તબ સા'દકે બેટેને, પોકારને આખા,**
**તું રાખને ઝબાંકું, એતના દાખા.**

*ત્યારે સા'દના બેટાએ પોકારીને કહ્યું કે તું તારી જબાનને કાબૂમાં રાખ, એટલું કહ્યું.*

**એ લડકા હેં બેટા, ઈમામ હસન કેરા,**
**મુસ્તફાકા નવાસા, તું સુન રે સવેરા.**

*આ બાળક ઈમામ હસન (અ.)ના બેટા છે, અને હઝરત મોહંમદ મુસ્તફા (સ.)ના નવાસા છે, આ તું બરાબર સાંભળી લે.*

**અને મુર્તઝા અલીકા, ફરઝંદ હેં સહી,**
**સા'દકે બેટેને, બાત એ કહી.**

*અને તે ખરેખર ઈમામ અલી મુર્તઝા (અ.)ના ફરઝંદ છે. આટલી વાત સા'દના બેટા ઉમરે કરી.*

**એસા થા કે મુજકું, બાત કરતા નાંહાં,**
**જો તરસ ના લાગી, હોતી ઉસ તન માંહાં.**

*જો તેમના શરીરમાં તરસ લાગી ન હોત તો તેમણે મારી સાથે વાત પણ ન કરી હોત.*

**અબ ઝબાન છુપાકર, જા તું ઉસકે સામી,**
**જે હાશમી હેં આયા, ઉસ રણમાં નામી.**

*હવે તું તારી જબાન બંધ કરીને એમની સામે જા કે જે રણમેદાનમાં મશહૂર હાશમી (લડવૈયા) આવેલા છે.*

**કભી ટુકડે ટુકડે મેંરે, બેટે સા'દ કે કરાવે,**
**સામી ઉસકે ના જાઉં, અરઝોક હેં બતાવે.**

*અરઝોક કહેવા લાગ્યો કે જો સા'દનો બેટો*

*ઉમર મારા શરીરના ટુકડે ટુકડા કરાવે તો પણ હું તેમની સામે જવાનો નથી.*

**પણ બેટે તો ચાર, હેં રે મેરે,**
**વે જોરાવર એકથી, એક હેં અનેરે.**

*પરંતુ હા, મારા ચાર બેટાઓ છે, તે બધા એક એકથી બળવાન અને નવાઈ પમાડે તેવા છે.*

**મેં ઉસમાંથી એકકું, કહે તો ભેજાઉં,**
**ઉસ લડકે હો કેરા, સર યાં રે મંગાઉં.**

*જો તું કહેતો હોય તો તેમાંથી એકને રણમેદાનમાં મોકલું, અને તે બાળકનું માથું અહીં મંગાવું.*

**એતી સા’દકે બેટેકું, કહી અરઝોકે બાતી,**
**એ સુન સુન મોમિનો, કહ્યા દિન ઓર રાતી.**

*આટલી અરઝોકે સા’દના બેટા ઉમરને વાત કરી. આ સાંભળીને મોમિનોએ રાત અને દિવસ આટલું કહ્યું.*

**રેતૂહી**

**જે ચાવે સોહી કરે,**
**એસા અપના રબ રે, એસા અપના રબ;**
**રણ માંહેં ઘેરે પડે,**
**ફરઝંદ નબીકે સબ રે, ફરઝંદ નબીકે સબ.**

*આપણો પરવરદિગાર એવો છે કે જે ઈચ્છે છે તે કરે છે. નબી સાહેબના બધા જ ફરઝંદો રણમેદાનમાં ઘેરાઈ ગયા.*

**બયાન નં.૨૭૭**

**એતા કેહ કર બેટા, બડા રે બોલાયા,**
**આપ ઉતરને ઉસકું, સો અસવાર કરાયા.**

*આટલું કહીને (અરઝોકે) તેના મોટા બેટાને બોલાવ્યો, અને પોતે ઘોડા ઉપરથી નીચે ઊતરીને તેને સવાર કર્યો.*

**અને આપકી તરવાર, ઉસે કમ્મર બંધાઈ,**
**યું અરઝોકે બેટેકું, ભેજા બાત રે સુણાઈ.**

*અને પોતાની તલવાર તેની કમ્મરમાં બંધાવી, આવી રીતે અરઝોકે તેના બેટાને મોકલ્યો, એવી વાત સાંભળી છે.*

**અને ઝિરહ પેહનાકર, ડાલી ઝલમ સુનાતી,**
**એસા લોહેકા ગોલા હો, આયા બાત હેં સુણાતી.**

*અને બખ્તર પહેરાવીને, અને માથા ઉપર લોખંડની ટોપી પહેરાવી. આવો લોખંડના ગોળા જેવો થઈને રણમાં આવ્યો, એવી વાત સાંભળી છે.*

**એસા હોને સામની, આયા રણકે મેના,**
**કુછ ફિકર રે કિતી, દેખ કાસિમને નેના.**

*આવો (લોખંડના ગોળા જેવો) થઈને રણમેદાનમાં સામે આવ્યો, ત્યારે જનાબે કાસિમ (અ.)એ તેને નજરે જોઈને જરાક ચિંતા કરી.*

**વે અવાજ રે કરને, ધસ પાસ રે આયા,**
**તબ કાસિમને ઉસ પર, નેઝા રે ચલાયા.**

*તે અવાજ કરતો કરતો એકાએક તેમની પાસે આવ્યો, ત્યારે જનાબે કાસિમ (અ.)એ તેના ઉપર નેઝાનો પ્રહાર કર્યો.*

**તબ નેઝા તો ભૂલે, ઉને ચૂકાયા શીશા,**
**નેઝા ડાલને તરવાર, કાઢી કરને રીસા.**

*ત્યારે નેઝાના પ્રહારને માથા ઉપરથી તેણે ચૂકવી દીધો, ત્યારે જનાબે કાસિમ (અ.)એ નેઝો નાખીને ગુસ્સાથી તલવાર કાઢી.*

**તબ અરઝોકકે બેટેને, ભી નેઝા રે ડલાયા,**
**વે ભી તરવાર કાઢકર, સામી કાસિમકે આયા.**

*ત્યારે અરઝોકના બેટાએ પણ નેઝાને ફેંકી દીધો, અને તે પણ તલવાર લઈને જનાબે કાસિમ (અ.)ની સામે આવ્યો.*

**આ મુબારિઝ શીશ પર, ઉને ઘાવ રે કિતા,**
**તબ સૈયદને ઝટકા, ઢાલ પર લિતા.**

*આવીને તેણે મુબારક માથા ઉપર વાર કર્યો, ત્યારે જનાબે કાસિમ (અ.)એ તે વારને ઢાલ ઉપર લઈ લીધો.*

**લે ઢાલ પર ઝટકા, વાર સૈયદે કરાયા,**
**બેટે અરઝોકકે ઉપર, કિયા રે સુણાયા.**

*જનાબે કાસિમ (અ.)એ તલવારના પ્રહારને ઢાલ ઉપર લઈને વળતો અરઝોકના બેટા ઉપર પ્રહાર કર્યો, એવું સાંભળ્યું છે.*

**તબ ઉને ફિરકર, કિયા રે ઘાવા,**
**ઢાલ સૈયદકી કાટને, લાગા હાથકું સુણાવા.**

*ત્યારે ફરીથી તેણે વાર કર્યો તો જનાબે કાસિમ (અ.)ની ઢાલ કપાઈ ગઈ, અને હાથ ઉપર જખમ લાગ્યો, એવું સાંભળ્યું છે.*

**તબ હાથ તો જખ્મી, હુવા રે સુણિતા,**
**એ સુન સુન મોમિનો, ચંત એતના દિતા.**

*એવું સાંભળ્યું છે કે ત્યારે જનાબે કાસિમ (અ.)નો હાથ જખ્મી થઈ ગયો. આ સાંભળીને મોમિનોએ આટલું મનમાં વિચાર્યું.*

**રેતૂહી**

**બેટા અરઝોક કેરા રે,**
**કરે સૈયદસું જંગ રે, કરે સૈયદસું જંગ;**
**શરમ નાંહીં આતી ઉસે,**
**તન ભરીયા દુરીજન રંગ રે, તન ભરીયા દુરીજન રંગ.**

*અરઝોકનો બેટો જનાબે કાસિમ (અ.)થી લડાઈ કરે છે, અને તેને જરાય શરમ આવતી નથી, તેના શરીરમાં દુશ્મનીનો નશો ચઢેલો છે.*

**ગડમથલ નં.૩૯૨નો ઉકેલ**

<u>આડી ચાવીઓ:</u> (૧) સદાકત (૪) મુખાલફત (૭) માલદારી (૯) દામન (૧૧) મદની (૧૩) આબ (૧૪) રજ (૧૫) શાન (૧૬) દગા (૧૭) લિસાન (૧૮) અમન (૨૦) મસ (૨૧) દામાદ (૨૩) સીના (૨૫) અરમાન (૨૬) બદન (૨૭) રકાત (૨૮) ફિદા (૨૯) હરકત (૩૧) રસન (૩૩) નહર (૩૪) મીકાત (૩૫) દાગ <u>ઊભી ચાવીઓ:</u> (૧) સરદાર (૨) કમાન (૩) તલ (૪) મુરીદ (૫) લબ (૬) તલબગાર (૮) દામન (૧૦) મજલિસ (૧૨) નીલમ (૧૩) આદ (૧૫) શાનદાર (૧૮) અદન (૧૯) નસીબદાર (૨૦) મહેરબાન (૨૨) મામા (૨૪) નાદ (૨૫) અતહર (૩૦) કમી (૩૨) સદા

# Hotel 365

**હોટેલ અને રેસ્ટોરન્ટ માલિકો માટે બનાવેલ એક પાવરફુલ All-in-One સોફ્ટવેર છે**

જે તમારી હોટેલની તમામ દૈનિક કામગીરીને ઝડપી, સરળ અને સંપૂર્ણ રીતે ઓટોમેટ કરે છે. Hotel Front Desk, Billing, Restaurant POS, Banquet, Inventory, Accounts અને Staff Management હવે બધું જ એક જ સિસ્ટમમાં, ઓછા ખર્ચે અને વધારે કંટ્રોલ સાથે.




**Hotel Management System (PMS)** | **Restaurant POS** | **Channel Manager**

**Banquet Management System** | **Token System** | **Website + Booking Engine**

**Attendance | Payroll | Purchase | Inventory | Income | Expenses**

📢 **ઇન્શાઅલ્લાહ**
**અમે આવનાર Trade Fair માં હાજર રહીશું**

- **Live Demo**
- **Special Offers**
- **Free Consultation**

**આ સોફ્ટવેરમાં પથિકની એન્ટ્રી આપમેળે ભરાઈ જાય છે**




**For Demo**

Ahesanali Bhoraniya
+91 7359413187
( GAMMA BYTE TECHNOLOGY )

Scan It

Hasanali Gathamaniya
+91 9724936478
( WINDKOOKY )

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૯ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۹

## શામના કેદખાનામાં અહલેબૈત (અ.)ની પહેલી રાત

## زندانِ شام میں اہلبیتؑ کی پہلی رات

۸
شب کا تو ذکر کیا ہے کہ لگتا تھا دن کو ڈر — ظاہر تھے جا بجا حشرات زمیں کے گھر
تھے وقفِ آشیانِ ابابیل سقف و در — نکلا وہ مر کے قید ہوا اس میں جو بشر
قید اس میں تھے حرم شہِ گردوں مقام کے
کیا صبح مل گئی تھی خرابے کو شام کے

(રાતની તો શી વાત કરવી, દિવસે પણ તે જગ્યાએ ડર લાગતો. જ્યાં ઠેર–ઠેર કીડા–મકોડાઓનાં દર હતાં. છત અને દીવાલો અબાબીલ પક્ષીઓના માળાઓથી ભરેલી હતી. જે કોઈ પણ આ કેદખાનામાં કેદ થયો, તેની બસ મય્યત જ બહાર આવતી. આવા કેદખાનામાં બુલંદ મકામવાળા શાહનાં હરમ કેદ હતાં. શામના આ ખંડેરને (અહલેબૈતરૂપી) કેવી સવાર મળી હતી!)

۹
گرمی کی فصل اور ہوا کا وہ احتباس — وہ تنگی اس مکان کی اور قید کا ہراس
اندوہ کا وفور دلوں پر ہجوم یاس — مائیں جو تہلکے میں تو بچے تھے بے حواس
دیواریں بھی شکستہ تھیں در بھی جھکے ہوئے
جانیں بھی غم سے تنگ تھیں دل بھی بجھے ہوئے

(ગરમીની એ મોસમ ને હવાનો એવો અભાવ! તે જગ્યાની એ સંકડામણ ને કેદ (થયા)નો એ ખોફ! ગમગીનીની એ અતિશયતા ને દિલો પર નિરાશાઓની એ પ્રચુરતા! માતાઓ ભયગ્રસ્ત, તો બાળકો

મૂર્છાવશ હતાં. દીવાલો પણ જર્જરિત હતી ને દરવાજા પણ ઝૂકેલા હતા. જીવો પણ ગમના લીધે આજિઝ હતા ને દિલ પણ માયૂસ થઈ ચૂક્યાં હતાં.)

ہر دم زمیں پہ واں کی نکلتا تھا یوں بخار — جیسے دھواں تنور سے اُٹھتا ہے بار بار
١٠ گرمی سے یوں زمیں پہ تڑپتے تھے سوگوار — جس طرح سے سپند ہو آتش پہ بے قرار

جھک جھک کے آسماں کو حسرت سے تکتے تھے
کیسے ہوائے سرد کو بچے بلکتے تھے

(ત્યાંની જમીનમાંથી સતત એવી રીતે ગરમ વરાળ નીકળી રહી હતી, જાણે કોઈ ભઠ્ઠીમાંથી વારંવાર ધુમાડો નીકળતો હોય. ગરમીના લીધે એ સોગવારો જમીન પર એવી રીતે તડપતાં હતાં, જેમ આગ પર રાઈનો દાણો ઊછળતો હોય છે. તેઓ રોઈ રોઈને અત્યંત હતાશાથી આસમાન તરફ જોતાં હતાં. બાળકો ઠંડી હવા(ની એક લહેરખી) માટે કેવાં ટળવળતાં હતાં!)

جھڑتی تھی واں کی سقف سے ہر دم سروں پہ خاک — تھے گرد سے بھرے ہوئے رانڈوں کے جسمِ پاک
١١ بھاگی تھی روشنی بھی یہ حجرے تھے ہولناک — کہتے تھے اب مکاں یہ گرا اب ہوئے ہلاک

قسمت ہے کہ قبر اسی جا نصیب ہو
اچھا تو ہے جو خاک کا پردہ نصیب ہو

(વારેઘડીએ ત્યાંની છત ઉપરથી માથા ઉપર માટી ખરતી હતી. બેવાઓનાં પાક શરીર ધૂળથી લથપથ હતાં. રોશની પણ જાણે ત્યાંથી જતી રહી હતી, એ કોટડીઓ એટલી ભયંકર હતી. તેઓ (એકબીજાને) કહેતાં હતાં કે, "હમણાં આ મકાન પડી જશે, હમણાં જ આપણે હલાક થઈ જઈશું. તકદીરમાં શાયદ એવું જ છે કે કબ્ર પણ અહીં જ નસીબ થશે. અને એ પણ ગનીમત છે, જો આખરે માટીનો પડદોય (કબ્ર) નસીબ થાય તો.")

ایک ایک سے یہ کہتی تھی زینبؑ جگر فگار — لائق نہ اس مکان کے تھے ہم گناہ گار
١٢ مجبور جو غریب ہوں کیا ان کا اختیار — سایہ تو ہے سروں پہ کرو شکرِ کردگار

ہے جائے گریہ حالِ شہِ مشرقین پر
کیا گزری ہوگی دھوپ میں لاشِ حسینؑ پر

(જખ્મી દિલવાળાં બીબી ઝૈનબ (અ.) સૌને કહેતાં હતાં, "આપણે ગુનાહગારો આવા મકાનને લાયક ન હતાં, પણ એમનું શું જોર કે જેઓ મજબૂર અને ગરીબ હોય! છતાં પણ અલ્લાહનો શુક્ર અદા કરો કે માથા ઉપર આ છાંયડો તો છે. હાલનો આ સમય તો શહે મશ્રકૈન (અ.)ની હાલત ઉપર રડવાનો છે. હાય, તડકામાં મારા ભાઈ હુસૈન (અ.)ની લાશ પર શું વીત્યું હશે!)

١٣

غارت گروں نے لوٹ لیا کہنہ پیرہن — وہ ریگ گرم اور وہ عریانی بدن
ہے ہے وہ سب پہاڑ سی اور کربلا کا بن — کس طرح جائے بھائی تلک کیا کرے بہن
پیاسے گلا کٹا کے موئے جس کی راہ میں
سونپی ہے میں نے لاش اس کی پناہ میں

(લૂંટારાઓએ તો જૂનું પુરાણું પહેરણ પણ લૂંટી લીધું. હાય! એ ગરમ રેતી અને એ ખુલ્લું બદન! હાય! હાય! એ બધી કઠણાઈઓ ને દૂરીઓ, તથા કરબલાનું એ જંગલ! કેવી રીતે બહેન ભાઈ સુધી જાય? શું કરે આ બહેન? તરસ્યા જ ગળું કપાવીને જેની રાહમાં શહીદ થયા, એની જ પનાહમાં મેં એ લાશને સોંપી દીધી છે.)

١٤

رسّی مرے گلے کی کوئی کھول دے اگر — مقتل کو ڈھونڈتی ہوئی جاؤں برہنہ سر
نکلی میں جب تو پھر نہیں درکار راہبر — رستے میں پوچھ لوں گی کہ ہے کربلا کدھر
ممکن ہے یہ کہ لاش کو زینبؑ نہ پائے گی؟
بھائی کے خوں کی بُو مجھے کوسوں سے آئے گی

(કોઈ આવીને જો મારા ગળાની રસ્સીને ખોલી દે, તો હું ઉઘાડા માથે મકતલને શોધતી નીકળી પડું. જ્યારે હું નીકળી પડીશ, ત્યારે મારે કોઈ માર્ગદર્શકની જરૂર નહીં પડે. હું રસ્તામાં જ કોઈને પૂછી લઈશ કે કરબલા ક્યાં છે. શું આ શક્ય છે ખરું કે ઝૈનબ (ભાઈની) લાશને નહીં પામી શકે? ભાઈના ખૂનની બૂ મને કોસો દૂરથી પણ આવી જશે.")

Golden

Bakery & Namkeen Since 1984

**છેલ્લા 41 ગોલ્ડન વર્ષથી**
**એજ ગુણવત્તા અને એજ સ્વાદ,**
હવે નવી ઓળખ સાથે



ટોસ્ટ, ખારી, નાન, પાવ, બ્રેડ, નાનખટાઈ, કેક, પફ વગેરે ના ઓર્ડર માટે
તેમજ ન્યાઝના ઓર્ડર માટે સંપર્ક કરો: **96877 74291**
**(એહસાનઅલી & નજરમોહંમદ - મેતાવાળા)**

**મુખ્ય બ્રાન્ચ:** સેન્ટ્રલ બેન્કની સામે, જાંપલીપોળ, સિધ્ધપુર, મો. 9586351031
**હાઈવે બ્રાન્ચ:** G- 6 & 7, પ્રમુખ પ્લાઝા, તવાડિયા ચોકડી, સિધ્ધપુર, મો. 9537074521

# سیرت ائمہ اہلبیت

# સીરતે અઇમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ખૈબરની લડાઈમાં**

સીરત ઈબ્ને હિશામમાં છે કે, "રસૂલે અકરમ (સ.) દરરોજ એક મુસલમાનને લડાઈની આગેવાની સોંપતા રહેતા હતા, પરંતુ તેઓ નિષ્ફળ થઈને પાછા આવી જતા હતા."

ઈબ્ને ઈસ્હાકની રિવાયત મુજબ જે અબી સલમા ઈબ્ને અમ્ર અક્વઅ ઉપર આધારિત છે: રસૂલે અકરમ (સ.)એ અબૂ બક્રને પોતાનો અલમ આપીને કેટલાક કિલ્લાઓની તરફ મોકલ્યા, પરંતુ તેઓ નિષ્ફળ થઈને પાછા આવી ગયા. બીજા દિવસે રસૂલે અકરમ (સ.)એ ઉમર ઈબ્ને ખત્તાબને અલમ આપીને મોકલ્યા, પરંતુ તેઓ પણ નિષ્ફળ થઈને પાછા આવી ગયા.

તબરીએ બુરૈદા અસ્લમીથી રિવાયત કરી છે કે ઉમર ઈબ્ને ખત્તાબ અલમ લઈને રવાના થયા તો તેમની સાથે ઘણા લોકો હતા, પરંતુ તેઓ અને તેમના સાથીઓ પણ મેદાનથી ભાગીને રસૂલે અકરમ (સ.)ની પાસે આવી ગયા. પછી તેઓ બધા એકબીજા ઉપર કાયરતાનો આરોપ મૂકવા લાગ્યા. તેવી જ રીતે જ્યારે પણ રસૂલે અકરમ (સ.)એ જે કોઈને અલમ આપ્યો, તો આવી જ સ્થિતિ રહેતી, કે તે માણસ લડાઈ લડ્યા વગર જ પાછો આવતો હતો. જ્યારે ખોરાકનો ઘણોખરો સામાન પૂરો થઈ ગયો અને મુસલમાનોની તકલીફો વધી ગઈ, તો રસૂલે અકરમ (સ.)એ મુસલમાનોના મેળાવડામાં મોટા અવાજે ફરમાવ્યું, وَاللّٰهِ لَاُعْطِيَنَّ الرَّايَةَ غَدًا رَجُلًا يُحِبُّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيُحِبُّهُ اللّٰهُ وَرَسُوْلُهٗ (અલ્લાહની કસમ! હું કાલે અલમ એવા માણસને આપીશ કે જે અલ્લાહ અને તેના રસૂલ (સ.)થી મોહબ્બત કરે છે અને અલ્લાહ અને તેનો રસૂલ બન્ને તેનાથી મોહબ્બત કરે છે.)[1] (સહીહ બુખારી, જિલ્દ–૨, સફહા–૬૬૬, હદીસ – ૩૫૯)

આ જોઈને લોકો ગરદનો ઊંચી કરવા લાગ્યા

---

1 રસૂલે અકરમ (સ.)એ ખૈબરના દિવસે ફરમાવ્યું હતું, لَاُعْطِيَنَّ هٰذِهِ الرَّايَةَ غَدًا رَجُلًا يَّفْتَحُ اللّٰهُ عَلٰى يَدَيْهِ يُحِبُّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيُحِبُّهُ اللّٰهُ وَرَسُوْلُهٗ (હું આવતી કાલે એવા માણસને અલમ આપીશ કે જેના હાથે અલ્લાહ ફત્હ કરાવી આપશે, તે અલ્લાહ અને રસૂલ (સ.)થી મોહબ્બત રાખે છે અને અલ્લાહ અને રસૂલ (સ.) તેનાથી મોહબ્બત રાખે છે.)

અને દરેક માણસને ઈચ્છા થઈ કે તે જ અલમદાર બને.

ઉમર ઈબ્ને ખત્તાબથી રિવાયત છે કે તેમણે કહ્યું, "મને અમીર બનવાનો શોખ કદી ન હતો, પરંતુ તે દિવસે જ્યારે મેં રસૂલે અકરમ (સ.) પાસેથી તે સાંભળ્યું તો મને ઈચ્છા થઈ કે મને અલમ આપવામાં આવે." આને ઈબ્ને કસીરે 'અલ–બિદાયા વલ–નિહાયા'માં જણાવ્યું છે.

અલ્લામા હિલ્લી પોતાની કિતાબ 'નહ્જુલ હક્ક'માં કહે છે, "બુખારી, મુસ્લિમ અને અહમદ ઈબ્ને હંબલે અમુક રિવાયતમાં અને સહીહ સિત્તામાં અબ્દુલ્લાહ ઈબ્ને બુરૈદાએ આખી હદીસ જણાવી છે. પછી ફઝુલ ઈબ્ને રોઝબહાને અલ્લામા હિલ્લીના બયાનથી પોતાનું બયાન લખ્યું છે કે આ સહીહ હદીસોમાંથી છે અને હઝરત અલી (અ.)ની તે ખાસ ફઝીલતોમાં ગણાય છે કે જેમનામાં કોઈ તેમનો ભાગીદાર નથી, પછી ભલે ને તેમાં આપ (અ.)ના જેવી ફઝીલતો હાજર પણ હોય."

હઝરત અલી (અ.) તે સમયે આંખના દુઃખાવાથી પીડાતા હતા. એવું પણ કહેવામાં આવે છે કે તે સખત તકલીફના કારણે મદીનામાં જ રહી ગયા હતા, પરંતુ જ્યારે બીમારી વધવા લાગી, તો આપ (અ.) પોતાની ઊંટડી ઉપર સવાર થઈને રસૂલે અકરમ (સ.)ને આવી મળ્યા અને તે મહત્ત્વના સમયે ખૈબર ખાતે પહોંચ્યા. એ પણ કહેવામાં આવ્યું છે કે તેઓ બિલકુલ તંદુરસ્ત હતા. ઘણાખરા ઈતિહાસકારો કહે છે કે, "હઝરત અલી (અ.) રસૂલે અકરમ (સ.)ની સાથે જ આવ્યા હતા અને લશ્કરનો અલમ આપ (અ.)ની જ પાસે હતો, જ્યારે કે આંખોની તકલીફ તો આપ (અ.)ને પાછળથી થઈ હતી."

દરેક પરિસ્થિતિમાં મુસલમાનો યહૂદીઓની સાથે તે લડાઈઓમાં હારતા જ રહ્યા, જે કેટલાય દિવસો સુધી ચાલુ રહી, તો રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને બોલાવ્યા, પરંતુ આપ (અ.) ને આંખોમાં દુખાવો થઈ રહ્યો હતો. તેથી આપ (સ.)એ તેમની આંખો ઉપર પોતાનો મુબારક હાથ ફેરવ્યો અને દુઆ માંગી. તે જ સમયે આપ (અ.) ની બન્ને આંખો સારી થઈ ગઈ અને તકલીફમુક્ત થઈ ગઈ. ત્યારે રસૂલે અકરમ (સ.)એ આપ (અ.) ને ફરમાવ્યું, "આ અલમ લઈ લો અને આ બાજુ ત્યાર સુધી પાછા ન આવતા, જ્યાં સુધી અલ્લાહ તમારા હાથે ફતેહ ન આપે. તમે તેમનાથી તે સમય સુધી લડાઈ કરતા રહેજો, જ્યાં સુધી તેઓ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ન કહી દે. જ્યારે તેઓ આવું કહી દે, તો જાણે તેમણે પોતાના જીવ, અને માલસામાનને તમારા હુમલાથી સુરક્ષિત કરી લીધો." સલમા ઈબ્ને અક્વઅ જણાવે છે કે, હઝરત અલી (અ.) આગળ આગળ અને અમે આપ (અ.)ની પાછળ પાછળ ચાલ્યા, એટલે સુધી કે આપ (અ.)એ પોતાનો અલમ પત્થરોના એક ઢગલામાં રોપી દીધો કે જે કિલ્લાની નીચે આવેલો

હતો. એક યહૂદીએ કિલ્લા ઉપરથી તે અલમને જોઈને પૂછ્યું કે, “તમે કોણ છો?” આપ (અ.)એ ફરમાવ્યું, “હું અલી ઈબ્ને અબી તાલિબ છું.” તે બોલ્યો કે કસમ છે તે કિતાબની કે જે હઝરત મૂસા (અ.) ઉપર નાઝિલ થઈ હતી, તમારા લોકોનું પલ્લું ભારે રહેશે. હવે યહૂદીઓ પોતાના કિલ્લાઓમાંથી બહાર આવી ગયા, જ્યારે તેમના મોટા મોટા બહાદુરો સૌથી આગળ હતા. તેમનામાં મરહબનો ભાઈ હારિસ પણ હતો કે જે તેની બહાદુરી માટે નામચીન હતો. તેથી તેણે પોતાના સાથીઓ સહિત મુસલમાનો ઉપર હુમલો કરી દીધો. હઝરત અલી (અ.)એ પણ ખૂબ ઝડપથી પોતાની તલવારથી તેના પર એવી ઝર્બ લગાવી, કે તેને જમીનદોસ્ત કરી દીધો. ત્યાર પછી આપ (અ.)એ પોતાના સાથીઓની સાથે યહૂદીઓ ઉપર વળતો પ્રહાર કર્યો. તેઓ આપ (અ.)ની સામેથી વિખરાઈ ગયા. વળી હારિસ અને તેમનામાંથી એક જૂથના કતલ થઈ ગયા પછી તેઓ એકલા રહી ગયા અને પોતાના કિલ્લાઓમાં નાસી ગયા. તેમના સરદાર મરહબને પોતાના ભાઈનું હારી જવું અને તેનું કતલ થઈ જવું ઘણું મુશ્કેલ લાગ્યું, તેથી તે ગુસ્સામાં આવ્યો અને પોતાની શુજાઅત અને બહાદુરીના અભિમાનમાં બહાર નીકળ્યો. તેણે બે બખ્તરો પહેરેલાં હતાં જેમાં દરેક સાથે બબ્બે તલવારો લટકી રહી હતી, તેની પાસે નેઝો પણ હતો અને તે કહી રહ્યો હતો કે

قَدْ عَلِمَتْ خَيْبَرُ اَنِّی مَرْحَبُ شَاكِ السَّلَاحِ بَطَلٌ مُّجَرَّبُ

اِذَا السُّيُوْفُ اَقْبَلَتْ تَلَهَّبُ اَطْعَنُ اَحْيَانًا وَّحِيْنًا اَضْرِبُ

(ખૈબર સારી રીતે જાણે છે કે હું મરહબ છું, હથિયારો વાપરવામાં નિષ્ણાત, અનુભવી અને બહાદુર. જ્યારે તલવારો આગ વરસાવવા લાગે છે, તો હું ક્યારેક નેઝાથી કામ લઉં છું અને ક્યારેક તલવારથી પ્રહાર કરું છું.)

તેના મુકાબલામાં હઝરત અલી (અ.) આવું કહેતાં કહેતાં આગળ વધ્યા:

اَنَا الَّذِی سَمَّتْنِیْ اُمِّیْ حَيْدَرَةً كَلَيْثِ غَابَاتٍ شَدِيْدٍ قَسْوَرَةٍ

اَكِيْلُكُمْ بِالسَّيْفِ كَيْلَ السَّنْدَرَةِ

(હું એ છું કે મારી માએ મારું નામ હૈદર રાખ્યું છે. મારું દૃષ્ટાંત જંગલના એવા સિંહોના જેવું છે કે જે ઘણા ગુસ્સાવાળા હોય. હું તલવાર વડે મજબૂત પ્રહાર કરી તમારો ખાતમો બોલાવી દઈશ.)

તેઓ બન્નેની વચ્ચે બે ઝર્બતનો મુકાબલો થયો. હઝરત અલી (અ.)એ તેના માથા ઉપર એવી કારી ઝર્બ લગાવી કે જેનાથી તેના માથા પર મૂકેલી પત્થરની ઢાલ તૂટી ગઈ, તલવાર તેની નીચેના લોખંડી ટોપાને, પછી તેના માથાને, એટલે સુધી કે તેના દાંતોને અડકી ગઈ. તારીખની ઘણીખરી કિતાબોના જણાવ્યા મુજબ આપ (અ.)ની ઝર્બત વીજળીના કડાકા જેવી હતી. જ્યારે યહૂદીઓએ તેમના લડવૈયા મરહબની આવી સ્થિતિ જોઈ, તો તેઓ હારીને નાસી ગયા અને મુસલમાનોએ કિલ્લા પર અને તેની બધી સાધનસામગ્રી પર કબજો કરી લીધો. (ક્રમશઃ)



Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી,
ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ,
જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર,
તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ,
છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની
બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા,
જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર
ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ,
જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ,
અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com

الارشاد

# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## હઝરત અલી ઇબ્ને મૂસા રઝા (અ.)

(ગતાંકનું ચાલુ)

**આપ (અ.)ની ઈમામતના બારામાં દલીલો અને મોઅજિઝા:**

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને યહ્યાના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે ઈબ્ને મહબૂબના હવાલાથી, તેમણે હિશામ ઈબ્ને અહમદના હવાલાથી રિવાયત કરી છે કે,

અબુલ હસન (ઈમામ મૂસા) (અ.)એ મને કહ્યું કે, "શું તમે જાણો છો કે મોરોક્કોથી એક માણસ અહીં આવ્યો છે?"

"જી, નહીં." મેં જવાબ આપ્યો.

આપ (અ.) બોલ્યા, "મોરોક્કોથી એક માણસ અહીં આવ્યો છે, એટલા માટે તમે અમારી સાથે ચાલો."

આપ (અ.) સવારી ઉપર બેસી ગયા, હું પણ સવાર થઈને આપ (અ.)ની સાથે તે માણસની પાસે પહોંચી ગયો. ત્યાં તે (મોરોક્કોથી આવેલ) માણસ હાજર હતો. તે માણસની સાથે થોડીક કનીઝો હતી.

"તે વસ્તુઓ દેખાડો કે જે તમે વેચવા લાવ્યા છો," મેં તે માણસને કહ્યું.

તેણે અમને સાત ખૂબસૂરત કનીઝો દેખાડી. પરંતુ અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.) તે દરમિયાન એવું જ કહેતા રહ્યા કે, "મને તેમની જરૂર નથી." પછી આપ (અ.)એ તેને કહ્યું, "જો કંઈ બીજું હોય તો દેખાડો."

"મારી પાસે બીજી કોઈ વસ્તુ નથી, સિવાય કે એક બીમાર કનીઝ." તેણે જવાબ આપ્યો.

"તો તમે તેને કેમ વેચવા નથી માગતા?" આપ (અ.) બોલ્યા.

તે માણસે તે કનીઝને વેચવાની ના પાડી અને જતો રહ્યો. બીજા દિવસે અબુલ હસન ઈમામ મૂસા (અ.)એ મને કહ્યું, "તે માણસ પાસે જઈને તેને પૂછો કે તે બીમાર કનીઝને વધુમાં વધુ કેટલી રકમમાં વેચવા ઇચ્છે છે? તે જેટલી કિંમત કહે, તેને

આપીને તે કનીઝને લઈ આવો."

જ્યારે મેં તેની પાસે જઈને પૂછ્યું, તો તેણે જવાબમાં ઘણી મોટી કિંમત જણાવી અને કહ્યું કે તેનાથી ઓછાનો સવાલ જ પેદા થતો નથી.

"હું તેને લઈ જઈશ." હું બોલ્યો.

"આ (કનીઝ) હવે તમારી થઈ." તેણે જવાબ આપ્યો, "પરંતુ મને એટલું જણાવી દો કે કાલે તમારી સાથે આવેલા માણસ કોણ હતા?"

"તેઓ બનૂ હાશિમથી સંબંધિત હતા." મેં જવાબ આપ્યો.

"કયા બનૂ હાશિમથી?" તેણે પૂછ્યું.

"હું એટલું જ જાણું છું. તેનાથી વધારે મને કોઈ જાણકારી નથી." મારો જવાબ હતો.

ત્યારે તેણે જણાવવાની શરૂઆત કરીઃ "હું તમને જણાવું છું કે જ્યારે મેં તે કનીઝને મોરોક્કોમાંથી ખરીદી હતી, તો તે કનીઝને જોઈને એક સ્ત્રી કે જે અહલેકિતાબ (યહૂદી અથવા ઈસાઈ) હતી, તે મારી પાસે આવી અને મને પૂછ્યું કે, "તે કનીઝને તમે કોની સેવા માટે ખરીદી છે?" મેં તેને જવાબ આપ્યો કે, "તે કનીઝને મેં મારા માટે ખરીદી છે." મારો જવાબ સાંભળીને તે સ્ત્રીની જિજ્ઞાસા વધી ગઈ અને બોલી કે, "તમારા માટે આ સ્ત્રીની કનીઝી યોગ્ય નહીં રહે. તેણે તો દુનિયાના સૌથી ઈઝ્ઝતદાર માણસની કનીઝીમાં હોવું જોઈએ. તેની કૂખેથી એક એવો બેટો પેદા થશે કે જે પૂર્વ કે પશ્ચિમમાં કોઈને ત્યાં પેદા થયો નહીં હોય."

હું તેને (કનીઝને) લઈને અબુલ હસન (ઈમામ મૂસા) (અ.)ની પાસે આવ્યો. હજુ વધારે સમય નહોતો થયો કે તેને ત્યાં એક બાળકનો જન્મ થયો અને તે બાળકનું નામ રઝા રાખવામાં આવ્યું.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને યાકૂબ કુલૈનીના હવાલાથી, અને તેમણે મોહંમદ ઈબ્ને યહ્યાના હવાલાથી, અને તેમણે અહમદ ઈબ્ને મોહંમદના હવાલાથી, અને તેમણે સફવાન ઈબ્ને યહ્યાના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

જ્યારે અબૂ ઈબ્રાહીમ (ઈમામ મૂસા (અ.)) ની વફાત થઈ ગઈ અને અબુલ હસન ઈમામ મૂસા (અ.)એ હિદાયત કરી ત્યારે અમે લોકો ગભરાઈ ગયા.

લોકોએ આપ (અ.)ને કહ્યું કે, "સામાન્ય લોકોની સામે આપે આ વાત નહોતી કહેવી જોઈતી. અમને ડર છે કે તે જાલિમ (હારૂન રશીદ) આપના ઉપર સખ્તાઈ કરશે."

આપ (અ.)એ જવાબ આપ્યો, "તેને પોતાના પૂરજોરથી મારા પર જુલ્મ કરવા દો, તે મને જરાય નુકસાન પહોંચાડી શકશે નહીં."

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મને મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અલી ઈબ્ને અબી મોહંમદના હવાલાથી, તેમણે ઈબ્ને જમહૂરના હવાલાથી, તેમણે ઈબ્રાહીમ ઈબ્ને અબ્દુલ્લાહ, તેમણે અહમદ ઈબ્ને અબ્દુલ્લાહના

હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને ઉબૈદના હવાલાથી અને તેમણે ગફ્ફારીના હવાલાથી જણાવ્યું કે તે કહેતા હતા કે,

"એક વ્યક્તિ કે જેનો સંબંધ આલે અબૂ રાફીથી હતો, (કે જે પયગમ્બરે ઈસ્લામ (સ.)નો આઝાદ કરેલો ગુલામ હતો) તેણે મારી પાસે માંગણી કરી કે મારા માથે દેવું છે અને મારે તે દેવાની રકમ હાલ જ ભરપાઈ કરવાની છે. હું તેની ઉઘરાણીથી ચિંતામાં પડી ગયો છું. મેં ફજ્રની નમાઝ મસ્જિદે નબવીમાં પઢી અને ત્યાંથી હું (ઈમામ) રઝા (અ.)ની પાસે ગયો. તે દિવસે આપ (અ.) અલ-અરીઝ વિસ્તારમાં હતા. હું આપ (અ.)ના દરવાજે પહોંચ્યો ત્યારે મેં આપ (અ.)ને એક ખચ્ચર ઉપર સવાર થઈને આવતા જોયા. આપ (અ.) એક ખમીસ અને રિદા પહેરેલાં હતાં. મેં આપ (અ.)ને જોયા અને સંકોચની સાથે નીચું જોયું. આપ (અ.) મારી નજીક આવ્યા અને થોડી વાર સુધી મને જોતા રહ્યા, મેં આપ (અ.)ને સલામ કરી, એ રમઝાનુલ મુબારકનો મહીનો હતો. ત્યારે મેં કહ્યું, "મારી જાન આપ પર કુરબાન થાય, આપના કુટુંબનો એક આઝાદ કરેલો ગુલામ કે જેનું આ નામ છે, તેણે મને કહ્યું છે કે હું તેનો દેવાદાર છું અને તે દેવાની રકમ અત્યારે હાલ જ માગે છે. તે બારામાં તેણે ઘણી અફવાઓ ફેલાવી દીધી છે."

અલ્લાહની કસમ, મને તો એમ લાગતું હતું કે આપ (અ.) મને કહેશે કે અહીંથી જતા રહો, પણ આપ (અ.)એ મને શાંતિથી સાંભળ્યો. અલ્લાહની કસમ, મેં આપ (અ.)ને આ દેવાની રકમ જણાવી ન હતી કે ન દેવાની કોઈ વિગત જણાવી હતી. આપ (અ.)એ મને બેસવાનો હુકમ કર્યો અને પાછા આવતાં સુધી રાહ જોવાનું કહ્યું. મગરિબનો સમય આવી ગયો તો મેં નમાઝ પઢી. મેં રોઝો રાખેલો હતો, એટલા માટે હું જલ્દી પાછો જવા માગતો હતો. એટલામાં તો આપ (અ.) પાછા આવ્યા અને આપ (અ.)ની સાથે લોકોની ભીડ પણ હતી.

ફકીરો અને માગનારા હાજત માગી રહ્યા હતા અને ભીખ માગી રહ્યા હતા. આપ (અ.) એ તે બધાને રવાના કર્યા અને ઘરમાં તશરીફ લઈ ગયા. જલ્દીથી આપ (અ.) બહાર આવ્યા અને મને બોલાવ્યો. હું આપ (અ.)ની નજીક ગયો. આપ (અ.) બેસી ગયા અને હું પણ નજીક બેસી ગયો. મેં ઈબ્ને મુસય્યિબ (મદીનાના ગવર્નર)ના બારામાં વાત કરી. ઘણી વાર સુધી તે અંગે આપ (અ.)ની સાથે વાતચીત કરતો રહ્યો હતો. જ્યારે હું બોલી રહ્યો, તો આપ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "મને લાગે છે કે તમે હજુ સુધી કાંઈ ખાધું નથી."

"જી, નહીં." મેં જવાબ આપ્યો.

આપ (અ.)એ મારા માટે જમવાનો બંદોબસ્ત કરવાનો હુકમ આપ્યો. આપ (અ.)એ પોતાના એક ખાદિમને કહ્યું કે ખાવામાં મારો સાથ આપે. અમે બન્ને પેટ ભરીને જમ્યા, ત્યારે આપ (અ.)એ મને કહ્યું કે, "આ ગાદલાની નીચે જે કાંઈ છે, ભાઈ! તમે

તેને લઈ લો."

મેં તેને ઉઠાવ્યું તો તેની નીચે દીનાર હતા. મેં તે મારી આસ્તીનોમાં મૂકી દીધા, ત્યારે આપ (અ.) એ પોતાના ચાર ગુલામોને હુકમ કર્યો કે તેઓ મને મારા ઘર સુધી પહોંચાડી દે.

મેં આપ (અ.)થી દરખાસ્ત કરી કે, "મારી જાન આપના ઉપર કુરબાન થઈ જાય, ઈબ્ને મુસય્યિબ (મદીનાના ગવર્નર)ના સંદેશવાહક ત્યાં બેઠેલા હશે, હું ઈચ્છતો નથી કે તે મને આપના ગુલામોની સાથે જુએ."

"સાચું છે," આપ (અ.) બોલ્યા, "અલ્લાહ તમારો રક્ષક છે."

ત્યારે આપ (અ.)એ ગુલામોને હુકમ આપ્યો કે તેઓ મારી સાથે એટલે સુધી જ જાય કે જેટલે સુધી હું ઈચ્છું. જ્યારે હું મારા ઘરની નજીક પહોંચ્યો, તો મેં ગુલામોને પાછા જવાનું કહ્યું. હું મારા મકાનમાં દાખલ થયો અને એક દીવો મંગાવ્યો. મેં ગણતરી કરી તો (૪૮) અડતાલીસ દીનાર હતા. મારા માથે (૨૮) અઠ્ઠાવીસ દીનારનું દેવું હતું. તે દીનારમાં એક દીનાર ઘણો ચમકદાર હતો. મોડે સુધી હું તેની ચમક જોઈને આનંદિત થતો રહ્યો. મેં તે દીનારને દીવાની પાસે મૂકી દીધો. તે દીનાર ઉપર સાફ અક્ષરોમાં લખ્યું હતું, "દેવું અઠ્ઠાવીસ દીનાર છે, બાકીના દીનાર તમારા છે."

અલ્લાહ સાક્ષી છે કે મેં આપ (અ.)ને દેવાની રકમ નહોતી જણાવી.

અબુલ કાસિમે મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, અને તેમણે અલી ઈબ્ને ઈબ્રાહીમના હવાલાથી, તેમણે તેમના વાલિદ અને તેમના મિત્રોના હવાલાથી, તેમણે અબુલ હસન રઝા (અ.)ના હવાલાથી જણાવ્યું કે,

આપ (ઈમામ રઝા) (અ.) હજ માટે મદીનાથી નીકળ્યા. તે જ વર્ષે હારૂન રશીદ પણ હજ કરવા આવ્યો હતો. (મક્કાના) રસ્તામાં એક જગ્યાએ એક પહાડી વિસ્તાર હતો કે જેનું નામ ફારી હતું. અબુલ હસન ઈમામ રઝા (અ.) એ તે પહાડી જોઈને કહ્યું, "ફારી! તારી વાદીમાં મુસાફરોના આરામની જગ્યા છે, તેને એક માણસ બરબાદ કરી દેશે. તે માણસના હાથપગ કાપી નાખવામાં આવશે."

ઈમામ (અ.)નું કહેવું અમને ન સમજાયું. જ્યારે હારૂન રશીદનો કાફલો ત્યાં પહોંચ્યો, તો પહાડી ઉપર રોકાયો. જાફર ઈબ્ને યહ્યાએ ખલીફા માટે મુસાફરખાનાની વ્યવસ્થા કરી. હજથી પરવારીને જાફર ઈબ્ને યહ્યા ફરી તે જ પહાડી પર પાછો આવ્યો અને (મુસાફરખાનાને) પાડી દીધું. જ્યારે તે ઈરાક પાછો આવ્યો, તો જાફર ઈબ્ને યહ્યાના હાથપગ કાપી નાખવામાં આવ્યા અને તેના ટુકડેટુકડા કરી દેવામાં આવ્યા. (ક્રમશ:)

# مصباح الشريعة
# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદ: હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદ હુસૈન જાફરી (રહ.)



## اَلْبَابُ الرَّابِعُ فِي الْمَشْيِ

## બાબ – ૪: ચાલવા વિષે

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: اِنْ كُنْتَ عَاقِلًا فَقَدِّمِ الْعَزِيْمَةَ الصَّحِيْحَةَ وَالنِّيَّةَ الصَّادِقَةَ فِيْ حِيْنِ قَصْدِكَ اِلَى اَيِّ مَكَانٍ اَرَدْتَّ، وَانْهَ النَّفْسَ عَنِ التَّخَطِّيْ اِلٰى مَحْذُوْرٍ، وَّكُنْ مُّتَفَكِّرًا فِيْ مَشْيِكَ وَمُعْتَبِرًا بِعَجَآئِبِ صُنْعِ اللّٰهِ تَعَالٰى اَيْنَمَا بَلَغْتَ، وَلَا تَكُنْ مُّسْتَهْزِءًا وَّلَا مُتَبَخْتِرًا فِيْ مَشْيِكَ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "જો તું બુદ્ધિશાળી હોય, તો ખરા દૃઢનિશ્ચયની સાથે અને સાચી નિય્યતની સાથે પગલાં ભર, એ સમયે કે જ્યારે તેં કોઈ પણ જગ્યાએ જવાનો ઈરાદો કર્યો હોય, અને તું નફસને મનાઈ કરેલી વસ્તુ તરફ જવાથી દૂર રાખ, અને તું જ્યાં પણ પહોંચે, તું ચિંતન કરતો કરતો અને અલ્લાહ તઆલાની અનોખી ખિલ્કતથી ઈબ્રત હાસિલ કરતો કરતો ચાલ, અને તું મશ્કરી ઉડાડતાં ઉડાડતાં અને અકડતાં અકડતાં ન ચાલ.

قَالَ تَعَالٰى: وَلَا تَمْشِ فِي الْاَرْضِ مَرَحًا . . . اِلٰى اٰخِرِهَا.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, "તું અકડાઈને ન ચાલ, કારણ કે ન તો તું જમીનને ચીરી શકવાનો છે કે ન તો પહાડની ઊંચાઈએ પહોંચી શકવાનો છે."[1]

وَغُضَّ بَصَرَكَ عَمَّا لَا يَلِيْقُ بِالدِّيْنِ، وَاذْكُرِ اللّٰهَ كَثِيْرًا. فَاِنَّهٗ قَدْ جَآءَ فِي الْخَبَرِ: اَنَّ الْمَوَاضِعَ الَّتِيْ يُذْكَرُ اللّٰهُ فِيْهَا وَعَلَيْهَا، تَشْهَدُ بِذٰلِكَ عِنْدَ اللّٰهِ

તું તારી નજર એ વસ્તુની સામે નીચી કરી લે કે જે દીનને લાયક જ નથી, અને અલ્લાહને પુષ્કળ

1 સૂરા બની ઈસરાઈલ, આયત–૩૭

يَوْمَ الْقِيَامَةِ وَتَسْتَغْفِرُ لَهُمْ إِلَى أَنْ يُدْخِلَهُمُ اللّٰهُ الْجَنَّةَ.

યાદ કર, કારણ કે રિવાયતમાં છે કે, “એ જગ્યાઓ કે જેમની અંદર અને જેમની ઉપર અલ્લાહને યાદ કરવામાં આવશે, તે પણ અલ્લાહ પાસે કયામતના દિવસે એ વાતની ગવાહી આપશે, અને તેમના માટે એટલે સુધી ઈસ્તિગ્ફાર કરશે કે જ્યાં સુધી અલ્લાહ તેમને જન્નતમાં દાખલ ન કરી દે.”

وَلَا تُكْثِرَنَّ الْكَلَامَ مَعَ النَّاسِ فِي الطَّرِيْقِ فَإِنَّ فِيْهِ سُوْٓءَ الْأَدَبِ، وَأَكْثَرُ الطُّرُقِ مَرَاصِدُ الشَّيْطَانِ وَمَتْجَرَتُهُ فَلَا تَأْمَنْ كَيْدَهُ، وَاجْعَلْ ذَهَابَكَ وَمَجِيْئَكَ فِيْ طَاعَةِ اللّٰهِ وَالسَّعْيِ فِيْ رِضَاهُ، فَإِنَّ حَرَكَاتِكَ كُلَّهَا مَكْتُوْبَةٌ فِيْ صَحِيْفَتِكَ.

તું ક્યારેય રસ્તામાં વધારેપડતી લોકો સાથે વાતો ન કર, કારણ કે તેમાં ખરાબ સંસ્કાર રહેલા છે. મોટા ભાગના રસ્તા શયતાનની બેઠકો અને તેનું બજાર છે, અને તેની ચાલબાજીથી તું પોતાની જાતને સુરક્ષિત ન સમજ, અને તું તારા આવવા–જવાને અલ્લાહની ઈતાઅત માટે સમર્પિત કરી દે, અને તારી કોશિશોને તેની રઝા માટે સમર્પિત કરી દે, કારણ કે તારું સઘળું હલનચલન તારા આમાલનામામાં લખાયેલું હશે.

قَالَ اللّٰهُ تَعَالٰى : "يَوْمَ تَشْهَدُ عَلَيْهِمْ اَلْسِنَتُهُمْ وَاَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢٤﴾"

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, “એ દિવસે તેમના વિરુદ્ધ તેમની જબાનો, તેમના હાથ–પગ ગવાહી આપશે એના વિષે કે જે તેઓ અમલ કરતા રહેતા હતા.”[1]

وَقَالَ اللّٰهُ تَعَالٰى: "وَكُلَّ اِنْسَانٍ اَلْزَمْنٰهُ طٰٓئِرَهٗ فِيْ عُنُقِهٖ"

અને અલ્લાહ તઆલાએ આમ પણ ફરમાવ્યું છે કે, “અને દરેક ઈન્સાન એવો છે કે તેની તકદીર અમે તેના ગળે બાંધી દીધી છે.””[2]

---

1 સૂરા નૂર, આયત–૨૪

2 સૂરા બની ઈસરાઈલ, આયત–૧૩

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૩**

**ખાવા–પીવાના આદાબ**

(ગતાંકનું ચાલુ)

**(૪) ખાવાનું ખાવાના બધા આદાબ**

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "બધા જ એક જ વાસણમાં હાથ ધુઓ, જેથી તમારા અખ્લાક સારા રહે."

એક બીજી હદીસમાં મોઅતબર માધ્યમથી એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જમતાં પહેલાં હાથ ધોવામાં પ્રથમ ઘરનો માલિક હાથ ધુએ, જેથી બીજાઓને હાથ ધોવામાં અને ખાવાનું ખાવામાં તકલીફ ન રહે. જ્યારે ખાવાથી ફારેગ થાય, તો શરૂઆત એ વ્યક્તિ તરફથી કરવી જોઈએ કે જે ઘરના માલિકની ડાબી બાજુ બેઠી હોય, અને પોતે ઘરનો માલિક સૌથી છેલ્લા હાથ ધુએ, કેમ કે તેના માટે એંઠા હાથો પર એટલી વાર સુધી સબ્ર કરવું શ્રેષ્ઠ છે."

હદીસે હસનમાં મઝાઝમથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) ને જોયા કે ખાવા માટે જ્યારે આપ (અ.) હાથ ધોતા હતા, તો રૂમાલથી સૂકવતા ન હતા. હા, ખાવાના પછી હાથ ધોતા તો સૂકવી દેતા હતા."

હદીસે મોઅતબરમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જમતી વખતે પહેલાં જ્યારે હાથ ધુઓ, તો રૂમાલથી ન લૂછો, કેમ કે જ્યાં સુધી હાથમાં ભીનાશ રહે છે, ખાવામાં બરકત રહે છે." એ પણ ફરમાવ્યું છે કે, "જમ્યા પછી હાથ ધોઈને મોઢા પર ફેરવી લેવા જોઈએ કે તેનાથી મોઢાના કાળા ડાઘ દૂર થઈ જાય છે અને રોજી વધે છે."

મુફઝ્ઝલ ઈબ્ને ઉમરથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ની સેવામાં આંખો દુખવાની શિકાયત કરી. હઝરત (અ.)એ ફરમાવ્યું કે, "જ્યારે ખાધા પછી હાથ ધોઈ ચૂકો, તો ભીના હાથ આંખની ભ્રમરો અને પાંપણો પર ફેરવી દો અને ત્રણ વખત આ પઢ્યા કરો:

اَلْحَمْدُ لِلّٰهِ الْمُحْسِنِ الْمُجْمِلِ الْمُنْعِمِ الْمُفَضِّلِ

(બધી તારીફ એ અલ્લાહના માટે છે કે જે નેકી કરવાવાળો, સુંદર બનાવવાવાળો, મુફઝ્ઝલને ઈનામ આપવાવાળો છે.)""

(મુફઝ્ઝલનું બયાન છે કે જે માણસ આ દુઆ પઢે, તે મુફઝ્ઝલના બદલે પોતાનું નામ લે.)

મુફઝ્ઝલનું બયાન છે કે, “જ્યારથી મેં એ હદીસ પર અમલ કર્યો, તે પછી કદી પણ મારી આંખો દુખી નથી.”

હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જ્યારે હઝરત રસૂલલ્લાહ (સ.) ખાધા પછી હાથ ધોતા હતા, તો કોગળા પણ કરી લેતા હતા.”

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “ઉશ્નાનમાં (આ એક પ્રકારનું ઘાસ છે કે જે સાબુની માફક કામ આપે છે અને બાળવાથી સાજીખાર બની જાય છે.) નાગરમોથ (એક પ્રકારનું ખુશબૂદાર ઘાસ) ભેળવ્યા કરો કે તેનાથી મોઢામાં ખુશબૂ પેદા થાય છે અને જાતીય શકિત વધે છે.”

નકલ કરવામાં આવ્યું છે કે, “હઝરત ઈમામ રઝા (અ.) જ્યારે ઉશ્નાનથી હાથ ધોતા ન હતા, તો થોડાક પ્રમાણમાં તેને મોઢામાં નાખીને ચાવીને થૂંકી દેતા હતા.”

નકલ કરવામાં આવ્યું છે કે, “હઝરત ઈમામ તકી (અ.) સવારનું જમવાનું જમીને હાથ ધોતા હતા, તો હાથોને રૂમાલથી સૂકવવા પહેલાં માથા અને મોં પર ફેરવી લેતા હતા. અને આ દુઆ પઢ્યા કરતા હતા:

اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِمَّنْ لَّا يَرْهَقُ وَجْهَهُ قَتَرٌوَّلَا ذِلَّةٌ

(અય અલ્લાહ! મને એ લોકોમાં ગણ કે જેમના ચહેરા ભય અને બદનામીથી દૂર હોય.)”

બીજી રિવાયતમાં હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જ્યારે તમે ખાવાનું ખાધા પછી હાથ ધુઓ, તો રૂમાલથી લૂછવાના પહેલાં મોઢા અને આંખો પર ફેરવી લો અને આ દુઆ પઢો:

اَللّٰهُمَّ اِنِّىٓ اَسْاَلُكَ الزِّيْنَةَ وَالْمَحَبَّةَ وَاَعُوْذُبِكَ مِنَ الْمَقْتِ وَالْبِغْضَةِ

(અય અલ્લાહ! હું તારાથી શોભા અને મોહબ્બતની ઈચ્છા ધરાવું છું અને દુશ્મની જોવાથી તારી પનાહ માગું છું.)”

હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જે વ્યકિતના હાથ પાક હોય, અને તે વગર હાથ ધુએ ખાવાનું ખાઈ લે, તો કંઈ વાંધો નથી.”

ફઝલ ઈબ્ને યૂનુસથી નકલ કરવામાં આવ્યું છે કે, “હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) મારા મકાન પર તશરીફ લાવ્યા. જ્યારે ખાવાનું આવ્યું, તો હું એક રૂમાલ એ હેતુથી લાવ્યો કે હઝરતનાં કપડાં પર નાખી દઉં. આપ (અ.)એ માન્ય ન રાખ્યું, પરંતુ ફરમાવ્યું કે, “આ ગેરકોમોનો તરીકો છે.””

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જમ્યા પછી જ્યારે હાથ ધુઓ, તો ભીના હાથ પાંપણો પર ફેરવી દો કે જેનાથી આંખોના દર્દથી સુરક્ષિત રહેશો.”

બીજી રિવાયતમાં નકલ કરવામાં આવ્યું છે કે, “જ્યારે હઝરત રસૂલલ્લાહ (સ.) જમ્યા પછી હાથ ધોતા હતા, તો આંખની ભ્રમરો પર ફેરવી દેતા હતા અને આ દુઆ પઢતા હતા:

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ هَدَانَا وَاَطْعَمَنَا وَسَقَانَا وَكُلَّ بَلَآءٍ صَالِحٍ

أَوْلَانَا

(બધા જ પ્રકારનાં વખાણ એ અલ્લાહના માટે છે કે જેણે અમને હિદાયત કરી, ખાવાનું ખવડાવ્યું, પાણી પિવડાવ્યું અને દરેક નેક આઝમાઈશથી અમને અજમાવ્યા.)"

મોઅતબર સનદથી હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે સમયે ખાવાનું ખાવા બેસો, તો ગુલામોની માફક દો ઝાનૂ બેસો, અને એક પગ બીજા પગ પર ન રાખો, અને ચાર ઝાનૂ ન બેસો એટલે કે પલોઠીવાળીને ન બેસવું, કેમ કે આવી રીતે બેસવાવાળાથી ખુદા તઆલા દુશ્મની રાખે છે."

આ હદીસથી જાહેર થાય છે કે જે ચાર ઝાનૂ બેસવાની મનાઈ કરવામાં આવી છે, તે જબ્બારો અને અભિમાનીઓનો રિવાજ છે કે તે એક પગને બીજા પગની રાન પર રાખીને બેસે છે.

હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે હઝરત રસૂલે મકબૂલ (સ.) જમવા માટે બેસતા હતા, તો પોતાની સામેથી જ ખાવાનું ખાતા હતા, અને તશહ્હુદમાં બેસીએ છીએ એવી જ રીતે બેસતા હતા. જમણો સાથળ ડાબા સાથળ પર રહેતો હતો અને જમણા પગનો પાછળનો ભાગ ડાબા પગના પાછળના ભાગથી મળેલો રહેતો હતો, અને એવું ફરમાવ્યા કરતા હતા કે, "હું બંદો છું. બંદાઓના માફક જ ખાવાનું ખાઉં છું અને બંદાઓની માફક જ બેસું છું.""

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે સ્થિતિમાં જમણો હાથ કામ આપતો હોય, તો ડાબા હાથથી ખાવુંપીવું કે કોઈ વસ્તુને ઉપાડવી મકરૂહ છે."

મોઅતબર હદીસમાં હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "માર્ગમાં ચાલતી વખતે કોઈ વસ્તુને ખાવાનો વાંધો નથી."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "એક દિવસ હઝરત રસૂલે ખુદા (સ.) સવારની નમાઝ પહેલાં પોતાના ઘરથી બહાર તશરીફ લાવ્યા. હાથમાં રોટીનો ટુકડો દૂધમાં પલાળેલો હતો, અને એને ખાતા જતા હતા, અને મુસલ્લાની તરફ તશરીફ લાવતા હતા. અને હઝરત બિલાલ ઈકામત કરી રહ્યા હતા. જ્યારે ઈકામત પૂરી થઈ, તો આંહઝરત (સ.)એ નમાઝ પઢાવી."

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ઉતાવળની સ્થિતિમાં ચાલતી વખતે કોઈ વસ્તુ ન ખાઓ."

ઘણી મોઅતબર હદીસોમાં હઝરત અમીરુલ મોમિનીન (અ.) અને અઈમ્માએ તાહેરીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત એમ ઈચ્છે કે તેના ઘરમાં બરકત વધારે થાય, તો જમતાં પહેલાં હાથ જરૂર ધુએ." એ પણ ફરમાવ્યું છે કે, "જમ્યા પહેલાં અને જમ્યા પછી હાથ ધોવા ગરીબાઈને દૂર કરે છે, અને શરીરનાં ઘણાંખરાં દર્દો દૂર થઈ જાય છે."

બીજી હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "એક દિવસ

હું સફ્ફાહના દરબારમાં (કે જે ખલીફા બની અબ્બાસમાંથી હતો) એવા સમયે પહોંચ્યો કે દસ્તરખ્વાન પથરાઈ ગયેલું હતું. તેણે મારો હાથ પકડીને એ તરફ એવી રીતે ખેંચ્યો કે મારો પગ દસ્તરખ્વાન પર પડી ગયો. મને એટલું દુ:ખ થયું કે ખુદા જ જાણે છે, કારણ કે આ કુફ્રાને નેઅમત છે."

એક બીજી રિવાયતમાં આ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "દસ્તરખ્વાન પર વધારે બેસો, કેમ કે જેટલો સમય દસ્તરખ્વાન પર બેસવામાં જશે, એટલો તમારા આયુષ્યમાં ગણાશે નહીં."

મોઅતબર હદીસમાં યાસર ખાદિમથી હઝરત ઈમામ રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે તેઓ દસ્તરખ્વાન પર બેસતા હતા, તો કોઈ પણ નાના–મોટાને છોડતા ન હતા, એટલે સુધી કે ગુલામો અને સેવકોને પણ દસ્તરખ્વાન પર બેસાડી દેતા હતા."

ઈબ્રાહીમ ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે, "તે હઝરત (અ.) જ્યારે એકાંતમાં રહેતા અને દસ્તરખ્વાન પાથરવામાં આવતું, તો પોતાના ગુલામો, દરબાનો અને ખિદમતગારોને પણ સાથે બેસાડી દેતા હતા."

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે સમયે ખાવાનું ખાઓ, તો મોજા અને પગરખાં પગમાંથી કાઢી નાખો કે આ ઉત્તમ સુન્નત છે, અને તમારા પગો માટે રાહતમંદ છે."

મોઅતબર હદીસોમાં આવ્યું છે કે, "માણસ અને જાનવરમાં એક તફાવત એ પણ છે કે માણસ જે વસ્તુ ખાય છે, હાથથી ખાય છે. તેથી તમારે હાથથી ખાવાનું ખાવું જોઈએ."

મોઅતબર સનદોથી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે હઝરત રસૂલે ખુદા (સ.) કોઈ જમાઅતની સાથે ખાવાનું ખાતા હતા, તો મહેમાનોને હુકમ થતો હતો કે સૌથી પહેલાં ખાવાનું શરૂ કરે અને સૌથી છેલ્લે પૂરું કરે, જેથી તેઓ દરેક વસ્તુ બીજાઓના કરતાં વધારે ખાય."

નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.) હંમેશાં (પીરસવાના) વાસણમાંથી ખાતા ન હતા, પરંતુ દસ્તરખ્વાન પર પીરસાયેલી વસ્તુ જ ખાતા હતા."

એ જમાનાની હાલતની તપાસ કરતાં જણાય છે કે થાળની નીચે ઊંચા ઊંચા પાયા લગાવેલા રહેતા હતા, અને જે લોકો દસ્તરખ્વાન પર ખાવાનું ખાતા હતા તેમની નિય્યતમાં અભિમાન આવતું હતું કે ખાવાનું ખાવા માટે ઝૂકવું ન પડે. આ બધી ખબરો કેટલી સાચી છે તે અલ્લાહ જ બહેતર જાણે છે. તેનું ઈલ્મ અલ્લાહની પાસે છે.

હદીસે મુવસ્સકમાં સમાઆ ઈબ્ને મેહરાનથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે, "જો નમાઝનો સમય પણ થઈ જાય અને જમવાનો પણ, તો શરૂઆત કોની કરવી જોઈએ?" ફરમાવ્યું, "જો નમાઝનો અવ્વલ સમય હોય, તો પહેલાં ખાવાનું ખાઈ લો અને જો અવ્વલ સમયનો કેટલોક ભાગ પસાર થઈ ગયો હોય અને એ વાતનો ડર હોય કે ખાવાનું ખાતાં ખાતાં ફઝીલતનો સમય નીકળી જશે, તો પહેલાં નમાઝ પઢી લો."

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર  અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

### વિભાગ–૧

### ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૩: શરીઅત

**નૈતિકતા અને અધિકારો**

નૈતિકતાનો પ્રશ્ન શરીઅત સાથે ગાઢ રીતે જોડાયેલો છે. ઈસ્લામમાં નૈતિકતા કેવળ કોઈ આદર્શ કલ્પના જ નથી (કે તેનું કોઈ વ્યવહારિક અસ્તિત્વ જ ન હોય). નેક, ઉદાર અથવા સખી બનવા પર તો બેશક ભાર મૂકવામાં આવ્યો જ છે, પરંતુ સાથેસાથે આ નેકીઓને વધુ નિશ્ચિત અને સ્પષ્ટ અર્થમાં શરીઅતમાં જ વ્યાખ્યાયિત કરી દેવામાં આવી છે. અસલમાં નૈતિક કાર્યોના બધા જ સિદ્ધાંતો અને નૈતિકતાનાં બધાં જ પાસાં, સૈદ્ધાંતિક સ્વરૂપે કુરઆનમાં મોજૂદ છે, પરંતુ તેમને શરીઅતના ઉપદેશો દ્વારા સ્પષ્ટ અને નક્કર સ્વરૂપ આપવામાં આવ્યું છે. શરીઅત થકી જ માણસ શીખે છે કે ન્યાય જેવા સર્વસામાન્ય નૈતિક સિદ્ધાંતને વાસ્તવિક માનવીય કાર્યોમાં કેવી રીતે અમલમાં મૂકવો. ઈસ્લામમાં માણસ પોતે નક્કી નથી કરતો કે ન્યાય શું છે અથવા ઉદારતા શું છે, પરંતુ તે અલ્લાહના હુકમો (ધારાધોરણો) પર નિર્ભર રહે છે, અને સાથેસાથે અલ્લાહે દરેક માણસની જાતમાં જે ઝમીર મૂકયો છે તેની પણ મહત્ત્વની ભૂમિકા રહેલી છે. અમુક પાયાનાં કાર્યો માટે તો શરીઅતે માપદંડ નક્કી કર્યા જ છે, જ્યારે કે દરેક માનવીય પ્રવૃત્તિમાં માણસને પોતાના ઝમીરના કહેવા પ્રમાણે ઈસ્લામી નૈતિક ઉપદેશોને અમલમાં મૂકવાની પણ ગુંજાઈશ તો રહેલી જ છે. આમ, ઈસ્લામી નૈતિકતામાં — જેમ ઘણા લોકો દાવો કરે છે તેમ — સખ્તાઈ કે આંધળી પૈરવી જેવું કઈ જ નથી. ઈસ્લામ માણસને પૈરવી કરવા માટે ઠોસ હિદાયતો તો પૂરી પાડે જ છે, પરંતુ સાથેસાથે માનવજીવનના એક મોટા ક્ષેત્રમાં માણસ માટે છૂટ પણ મૂકે છે કે જેથી તે અલ્લાહના બંદા તરીકે — અતા થયેલ ઝમીર, અકલ અને સારાનરસાની સમજણ વડે — ઈસ્લામી નૈતિક સિદ્ધાંતોને અમલમાં મૂકી શકે.

મુસલમાન પર અમુક જવાબદારીઓ રહેલી છે કે જે અદા કરવી તેના પર વાજિબ છે, જેમાંની

કેટલીક અલ્લાહ પ્રત્યેની છે; બીજી કેટલીક તેની પોતાની જાત, પોતાના પરિવાર, તથા પોતાના સ્થાનિક સમાજ પ્રત્યેની, અને વિશાળ સમાજ કે જે છેવટે સમગ્ર ઉમ્મત અથવા સમગ્ર ઈસ્લામી સમાજ છે તેના પ્રત્યેની છે, તેમ જ તેનાથીય વધીને આખી માનવતા, અને છેવટે આખી કાએનાત પ્રત્યેની છે. આ જવાબદારીઓ વિષે શરીઅતમાં સ્પષ્ટ ઉપદેશો મોજૂદ છે. અલ્લાહના અધિકારો, એટલે કે 'હુકૂકુલ્લાહ' શું છે? આમાં આપણી રૂહ પર રહેલા અલ્લાહના બધા જ અધિકારોનો સમાવેશ થાય છે, અને એટલા જ માટે આપણા પર આવશ્યક છે કે આપણે આપણું જીવન અને આપણાં કાર્યોના પરિણામોને તેને જ સમર્પિત કરીએ. આ પ્રશ્ન વિવિધ તરીકાઓથી પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે શરીઅતની કિતાબોમાં ચર્ચાયો છે, અને સાથેસાથે કુરઆનની તફસીરોમાં પણ કે જ્યાંથી આ ઈલ્મ નીસરે છે.

માણસના પોતાના કોઈ અધિકારો નથી, અધિકારો તેને અલ્લાહ દ્વારા આપવામાં આવ્યા છે કે જ્યારે તે અલ્લાહ પ્રત્યેની પોતાની ફરજોને પૂરી કરે છે, અને જેમ અગાઉ ઉલ્લેખ કરવામાં આવી ચૂકયો છે તેમ આ ફરજો તેણે અલ્લાહ સમક્ષ સ્વીકાર કરેલા કરાર (મીસાક) પર આધારિત છે. અને આ મીસાકની રૂએ જ મનુષ્યજાતમાં જોવા મળતી શકિતઓ, ક્ષમતાઓ અને સંભાવનાઓ તેને આપવામાં આવી છે, સાથેસાથે અલ્લાહ પ્રત્યેની માણસની જવાબદારીઓને પણ નક્કી કરી દેવામાં આવી છે. આ જવાબદારીઓમાં ચોક્કસપણે અલ્લાહની તૌહીદની ગવાહી આપવી તો શામિલ જ છે, સાથેસાથે ઈબાદતોને બજાવી લાવવી, અને ધરતી પર અલ્લાહના ખલીફા તરીકે વર્તવાનો પણ સમાવેશ તેમાં થાય છે. આવી જ રીતે માણસની પોતાની જાત પ્રત્યેની પણ જવાબદારીઓ રહેલી છે. પોતાના શરીરને તંદુરસ્ત રાખવાની જવાબદારી; આ ઉપરથી કહી શકાય કે તેને આત્મહત્યા કરવાનો કોઈ અધિકાર નથી. તેણે પોતાની અમર રૂહની કાળજી રાખવી જોઈએ, અને ગુનાહિત કાર્યોથી બચતા રહેવા માટે સતત ચિંતિત રહેવું જોઈએ. તેણે મનુષ્યજાત તરીકેના પોતાના પર મૂકવામાં આવેલા ભારને નિભાવવો જોઈએ, એટલે કે જમીન પર અલ્લાહના એક ખલીફાની રૂએ, અને માનવજાત તરીકે અલ્લાહે તેને આપેલા સઘળા ઉપહારોને કબૂલ કરવા જોઈએ.

ત્યારબાદ, માણસની પોતાના પરિવાર પ્રત્યેની કેટલીક જવાબદારીઓ છે. ઈસ્લામ વારંવાર પરિવારના મહત્ત્વનો, તથા માતા અને પિતા એમ બન્ને પ્રત્યેના આદરનો ઉલ્લેખ કરે છે, સાથેસાથે વિસ્તૃત પરિવારનો પણ, કે ઈસ્લામે જેને સમાજનો મુખ્ય એકમ બનાવ્યો છે, ન કે કબીલાને, કે ન તો ઈસ્લામ પહેલાં મોજૂદ અન્ય કોઈ સામાજિક એકમને, કે જેનું અસ્તિત્વ ન કેવળ અરબમાં બલ્કે બીજી જગ્યાઓએ પણ હતું. કોઈ પણ માણસની પોતાનાં માબાપ, સંતાનો, સાવકાં ભાઈ–બહેનો

અને વિસ્તૃત પરિવાર પ્રત્યેની જવાબદારીઓ વિષેના ઉપદેશો ચોક્કસપણે કુરઆન અને હદીસમાં તો મોજૂદ જ છે, પરંતુ આ બધા ઉપદેશોને એક કાયદાનું સ્વરૂપ શરીઅતમાં આપવામાં આવ્યું છે. આ જવાબદારીઓમાંથી અમુક આર્થિક છે, જેમ કે વારસાની વહેંચણી અને તેના જેવી અન્ય બાબતો, પરંતુ તેમાં પરિવારની દેખભાળ કરવી, તેના સભ્યો પ્રત્યે દયાળું રહેવું અને તેમનું રક્ષણ કરવું પણ શામિલ છે.

આવી જ રીતે માણસની એક જવાબદારી તેના પોતાના સ્થાનિક સમાજ પ્રત્યેની પણ છે, જેની શરૂઆત તેના પાડોશથી થાય છે. પરંપરાગત ઈસ્લામી સમાજમાં પાડોશની એક પ્રબળ ભાવના રહેલી છે, કેમ કે એક માણસનો સ્થાનિક સમાજ એ છે કે જેનો તે સતત અનુભવ કરે છે અને સંપર્કમાં રહે છે. પાડોશ સાથેનો અંગત સંપર્ક જ એ આધાર છે કે જેના કારણે આખી ઉમ્મતને આવરી લેતા મોટા સમાજ પ્રત્યેની જાગરૂકતા વધે છે. અને પછી ઈસ્લામી સમાજથી પણ આગળ સમગ્ર માનવજાત પ્રત્યે પણ માણસની જવાબદારી રહેલી છે. શરીઅત બીજા માનવીઓ સાથે કેવી રીતે વર્તન કરવું તેના સંબંધમાં ઉપદેશો પૂરા પાડે છે, જો કે બીજા ધર્મોના પૈરવકારો સાથેના સંબંધનાં એવાં પાસાં કે જે કાયદાકાનૂન સાથે સંબંધ નથી ધરાવતાં તેની ચર્ચા શરીઅતની કિતાબોમાં એટલી બધી નથી કરવામાં આવી, પરંતુ ઈસ્લામી સિદ્ધાંતોનાં બીજા સ્વરૂપોમાં તે રહેલી છે, જેના પર આપણે પછી ચર્ચા કરીશું.

અંતમાં, જ્યાં સુધી તમામ મખ્લૂક સાથેના સંબંધનો પ્રશ્ન છે, તો શરીઅતમાં એવા કાયદાઓ મોજૂદ છે જેનાથી જાહેર થાય છે કે માણસે જાનવરો, વૃક્ષો, પાણી અને જમીન સાથે — સરળ ભાષામાં કહીએ તો અલ્લાહની મખ્લૂક સાથે કેવી રીતે વર્તવું જોઈએ. માણસને હુકમ આપવામાં આવ્યો છે કે તે તેઓની દેખભાળ કરે અને માણસના પોતાના અસ્તિત્વની સાથે તેમના અસ્તિત્વના અધિકારોને કબૂલ કરે. શરીઅત માણસ દ્વારા બીજી મખ્લૂકના અધિકારો અને તેમના પ્રત્યે પોતાની જવાબદારીઓ વિષે વિચાર્યા વગર તેમનાથી ફાયદો ઉપાડવાને અને તેમના પરની જોહુકમીને સ્વીકારતી નથી.

**વ્યવહાર (મુઆમલાત)**

શરીઅતનું એક મુખ્ય પાસું સામાજિક, આર્થિક અને સિયાસતને લગતી ઉપદેશોથી સંબંધિત છે, અને તેને સામાન્ય રીતે 'મુઆમલાત' (વ્યવહાર) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જો કે, કેટલીક વાર આ સંદર્ભમાં શરીઅતના સિયાસી પાસાની સ્પષ્ટ ચર્ચા કરવામાં આવતી નથી. તેમ છતાંય, આપણી ચર્ચા માટે આ કિતાબમાં સામાજિક, સિયાસી અને આર્થિક પાસાંને એકસાથે ભેગાં કરી શકાય છે, જે શરીઅતના બીજા ભાગનું ગઠન કરે છે, જે ઈબાદતનાં જુદાં જુદાં પાસાં પર આધારિત શરીઅતના પહેલા ભાગથી અલગ છે.

**સમાજ**

ઈસ્લામ એક એવા સમાજની કલ્પના કરે છે જેમાં તેના સભ્યો વચ્ચે ગાઢ સંબંધો — એક બાજુ અલ્લાહના બંદા હોવાના આધાર પર અને બીજી તરફ ભાઈચારાના ગાઢ બંધનના આધાર પર — અસ્તિત્વ ધરાવતા હોય. ભાઈચારો — અરબી ભાષામાં 'ઉખુવ્વત'—નો ખ્યાલ એટલો મજબૂત છે કે પરંપરાગત ઈસ્લામી સમાજમાં સામાન્ય રીતે પુરુષો એકબીજાને 'અખુ' અથવા 'અખી' એટલે કે 'ભાઈ' અથવા 'મારા ભાઈ' કહીને બોલાવે છે, અને તેવી જ રીતે સ્ત્રીઓ 'બહેન' શબ્દનો ઉપયોગ કરે છે, જે એક એવા પરિવારના વિચાર પર ભાર મૂકે છે જેમાં સમગ્ર ઈસ્લામી સમાજ આવરી લેવાતો હોય.

કહી શકાય કે, હકીકતમાં ઈસ્લામી સમાજની સામાજિક હકીકત — જેમ કે કુરઆન અને હદીસમાં કલ્પવામાં આવી છે અને પરંપરાગત ઈસ્લામી સમાજમાં ઘણી હદ સુધી જોવા પણ મળે છે જો કે તે સંપૂર્ણ નથી, કેમ કે આ દુનિયામાં દરેક વસ્તુ અપૂર્ણ છે, તે — બે સ્તંભો અથવા વાસ્તવિકતાઓ પર આધારિત છે: પ્રથમ છે ઈસ્લામી ઉમ્મત, એ એટલી વિશાળ છે કે જેને કોઈ પણ સંપૂર્ણપણે સમજી શકતું નથી, પરંતુ તેને રૂહાની રીતે અનુભવી શકાય છે. અને બીજો સ્તંભ છે નજીકના સગાસંબંધીઓ. એવું પણ કહી શકાય કે આ બન્ને સ્તંભો એક સાચા ઈસ્લામી સમાજની સૌથી મહત્ત્વપૂર્ણ સામાજિક હકીકતનું નિર્માણ કરે છે. આ જ બે સ્તંભો છે કે જેની આસપાસ સામાજિક માળખું વણાયેલું છે.

ઈસ્લામી સમાજમાં બીજા ઘણા સામાજિક એકમો પણ છે, જેમ કે, કબીલાઓ, જમાઅતો, નગરવાસીઓ, અને શહેરી વસાહતો, મંડળો, વ્યાવસાયિક જૂથો, લશ્કરી સંગઠનો, સૂફી ખાનવાદાઓ અને તેમના જેવા બીજા એકમો પણ. આ બધા જ એકમોનું ખૂબ જ મહત્ત્વ છે. આમાંથી કેટલાક, જેમ કે કબીલાવાદ, જે ઈસ્લામના સાર્વત્રિક નજરિયાથી વિરોધાભાસી છે. બીજા એકમો જેમ કે વ્યાવસાયિક જૂથો અથવા સૂફી ખાનવાદાઓનો ઈસ્લામી પરંપરામાં જ એક મજબૂત દીની આધાર રહ્યો છે. પરંતુ સામાજિક દૃષ્ટિકોણથી જોતાં આ બધા જ એકમો ઈસ્લામી સમાજ — એટલે કે એક તરફ ઉમ્મતની હકીકત અને બીજી તરફ પરિવાર —ની સરખામણીમાં ગૌણ છે.

ઈસ્લામ માનવતાની કલ્પના જાતિ, વંશીય જૂથ કે ભાષાકીય વિભાજનના આધારે પર રજૂ નથી કરતો, પરંતુ દીન સાથેના જોડાણના આધાર પર રજૂ કરે છે. જો કે, ઈસ્લામી દૃષ્ટિકોણ અનુસાર, માનવ સમૂહની સૌથી મહત્ત્વપૂર્ણ ખાસિયત એ નથી કે તેના સભ્યો ધોળા, કાળા અથવા ઘઉંવર્ણા હોય, કે અરબી, અજમી અથવા રૂસી હોય કે જેઓ પોતાની જ ભાષા બોલતા હોય, પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ ખાસિયત એ છે કે તેઓ મુસલમાનો, ઈસાઈઓ, યહૂદીઓ, પારસીઓ વગેરે હોય કે જેઓ કોઈના ઉમ્મતી હોય, જેમ કે હઝરત ઈસા (અ.)ની ઉમ્મત, હઝરત મૂસા (અ.)ની ઉમ્મત

અને રસૂલલ્લાહ (સ.)ની ઉમ્મત વગેરે. ઈસ્લામમાં મઆદની ચર્ચામાં પણ, અલ્લાહ સમક્ષ ફરીથી ઊભા થવાને એ રીતે જોવામાં આવે છે કે દરેક ઉમ્મતને તેમના દીનનો પાયો નાખનાર નબીની સાથે તેમના પ્રતિનિધિત્વ હેઠળ જ ઉઠાડવામાં આવશે. ઈસ્લામી સંદર્ભમાં, જ્યારે આપણે ‘ઉમ્મત’ કહીએ છીએ, ત્યારે આપણો મતલબ સામાન્યપણે ઈસ્લામી ઉમ્મત જ હોય છે, પરંતુ એ પણ યાદ રાખવું જરૂરી છે કે જો બીજા ધર્મની પૈરવી કરનારાઓને ઈસ્લામી દૃષ્ટિકોણ — જે પોતાના માનનારાઓને અને બીજા ધર્મના માનનારાઓને જુદી જુદી ઉમ્મતોના સભ્યો ગણે છે, તેના—થી જોવામાં આવે, તો દુનિયામાં બીજી ઉમ્મતો પણ છે.

ઉમ્મત વિષેની આ બાબત મુસલમાનો માટે એક અતિ મહત્ત્વપૂર્ણ હકીકત રહી છે, જો કે, ઈસ્લામના શરૂઆતના ઈતિહાસ સિવાય, આ હકીકત ક્યારેય એક સિયાસી એકમ તરીકે વ્યક્ત નથી થઈ. જો કે, સદીઓથી સિયાસી વિભાજનો હોવા છતાંય, ઉમ્મતની હકીકત એમ ને એમ બાકી છે અને એક અદૃશ્ય રિશ્તો પણ કે જે દુનિયામાં રહેલા બધા જ મુસલાનોને એક સૂત્રમાં બાંધે છે, ભલે ને પછી તેઓ અરબી હોય કે અજમી, મલેશિયન હોય કે ચીની, ધોળા હોય કે કાળા, કે આફ્રિકા, એશિયા, યુરોપ અથવા અમેરિકામાં રહેતા હોય. આ રિશ્તો ભાઈચારા (ઉખુવ્વત)ની વિચાધારા પર આધારિત છે.


Sparkwell

The Heart of every Kitchen.

ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો

લઇ આવો નવા જમાનાની ઇલેક્ટ્રિક

Sparkwell Hot Plate

| ઇન્ડક્શન | Sparkwell |
|---|---|
| કાચનું મેઇન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ |
| 2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ) |
| 15 AMP પ્લગ | 6 AMP પ્લગ |
| વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg |
| અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બેઝ વાસણ ચાલે |
| કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય |
| PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી |





ઇન્શાઅલ્લાહ
ટ્રેડ ફેર 2026માં ઉપલબ્ધ

રસોડાની શાન




9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઇલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220



ZAHAB
JEWELLERS
હવે, હિંમતનગરમાં
જ્યાં ભરોસો, ભવ્યતા અને શણગારની દુનિયા
શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ પસંદગી,
સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઈ છૂપા ચાર્જીસ વગર.
ZAHAB
Zahab Jewellers
તદ્દન ફ્રી
ટેસ્ટિંગ મશીન વડે ઝવેરાતની ગુણવત્તા ચકાસો
100%
BIS હોલમાર્ક
100%
બાયબેકની ગેરંટી
+91 99254 22977
www.zahabjewellers.com
Shop No. B6-B7-B8 Ground Floor, Shantam-7, Nr. R.T.O. Circle, Himmatnagar,
Sabarkantha, Gujarat-383001

# ઈબાદાત

## માહે શાબાનુલ મોઅઝ્ઝમના આમાલ

માહે શાબાન એ મહીનો છે કે જે રસૂલલ્લાહ (સ.)ના નામથી જોડાયેલો છે. રસૂલલ્લાહ (સ.) આ મહીનાના રોઝાઓને માહે રમઝાનના રોઝાઓ સાથે જોડાયેલા રાખતા હતા. રસૂલલ્લાહ (સ.)નું ફરમાન છે કે શાબાન મારો મહીનો છે, અને જો કોઈ વ્યકિત આ મહીનામાં એક રોઝો રાખે, તો તેના માટે જન્નત વાજિબ થઈ જાય છે.

**માહે શાબાનના સંયુક્ત આમાલ:**

1. માહે શાબાનમાં દરરોજ ૭૦ વખત આ મુજબ પઢે:

أَسْتَغْفِرُ اللّٰهَ وَأَسْأَلُهُ التَّوْبَةَ

2. માહે શાબાનમાં દરરોજ ૭૦ વખત આ મુજબ પઢે:

أَسْتَغْفِرُ اللّٰهَ الَّذِيْ لَا إِلٰهَ إِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ الْحَيُّ الْقَيُّوْمُ وَأَتُوْبُ إِلَيْهِ

3. સદકો આપવો (પછી અડધી ખજૂર જ કેમ ન હોય).
4. આખા માહે શાબાનમાં એક હજાર વખત આ મુજબ પઢે:

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَلَا نَعْبُدُ إِلَّا إِيَّاهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ

5. માહે શાબાનની દરેક જુમ્એ રાતે બે રકાત નમાઝ પઢે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૧૦૦ વખત સૂરા તૌહીદ પઢે, અને નમાઝ પછી ૧૦૦ વખત દુરૂદ શરીફ પઢે.
6. માહે શાબાનમાં પુષ્કળ પ્રમાણમાં દુરૂદ શરીફ પઢે.

**માહે શાબાનુલ મોઅઝ્ઝમના ખાસ આમાલ:**

**માહે શાબાનની પહેલી તારીખની રાતના આમાલ:**

1. આ રાત્રે બાર રકાત નમાઝ પઢે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી અગિયાર વખત સૂરા તૌહીદ પઢે.

**માહે શાબાનની પહેલી તારીખના દિવસના આમાલ:**

1. રોઝો રાખવો.
2. માહે શાબાનની પહેલી, બીજી અને ત્રીજી તારીખે રોઝો રાખવો અને આ ત્રણેય રાત્રે બે રકાત નમાઝ

પઢે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી અગિયાર વખત સૂરા તૌહીદ પઢે.

**ત્રીજી શાબાનનો દિવસ:**

આ દિવસ ખૂબ જ બરકતવાળો છે, કેમ કે આ દિવસ હઝરત ઈમામ હુસૈન (અ.)ની વિલાદતનો દિવસ છે. તેથી આ દિવસે રોઝો રાખે, અને આ મુજબ દુઆ પઢે:

اَللّٰهُمَّ اِنِّیٓ اَسْاَلُكَ بِحَقِّ الْمَوْلُوْدِ فِیْ هٰذَا الْيَوْمِ، الْمَوْعُوْدِ بِشَهَادَتِهٖ قَبْلَ اسْتِهْلَالِهٖ وَوِلَادَتِهٖ، بَكَتْهُ
السَّمَآءُ وَمَنْ فِيْهَا، وَالْاَرْضُ وَمَنْ عَلَيْهَا، وَلَمَّا يَطَاْ لَابَتَيْهَا قَتِيْلِ الْعَبْرَةِ، وَسَيِّدِ الْاُسْرَةِ، الْمَمْدُوْدِ
بِالنُّصْرَةِ يَوْمَ الْكَرَّةِ، الْمُعَوَّضِ مِنْ قَتْلِهٖ اَنَّ الْاَئِمَّةَ مِنْ نَّسْلِهٖ، وَالشِّفَآءَ فِیْ تُرْبَتِهٖ، وَالْفَوْزَ مَعَهٗ فِیْ
اَوْبَتِهٖ، وَالْاَوْصِيَآءَ مِنْ عِتْرَتِهٖ بَعْدَ قَآئِمِهِمْ وَغَيْبَتِهٖ حَتّٰى يُدْرِكُوا الْاَوْتَارَ، وَيَثْاَرُوا الثَّارَ، وَيُرْضُوا
الْجَبَّارَ، وَيَكُوْنُوْا خَيْرَ اَنْصَارٍ، صَلَّى اللّٰهُ عَلَيْهِمْ مَعَ اخْتِلَافِ اللَّيْلِ وَالنَّهَارِ، اَللّٰهُمَّ فَبِحَقِّهِمْ اِلَيْكَ
اَتَوَسَّلُ وَاَسْاَلُ سُؤَالَ مُقْتَرِفٍ مُّعْتَرِفٍ مُّسِيْٓءٍ اِلٰى نَفْسِهٖ، مِمَّا فَرَّطَ فِیْ يَوْمِهٖ وَاَمْسِهٖ يَسْاَلُكَ الْعِصْمَةَ
اِلٰى مَحَلِّ رَمْسِهٖ، اَللّٰهُمَّ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعِتْرَتِهٖ، وَاحْشُرْنَا فِیْ زُمْرَتِهٖ، وَبَوِّئْنَا مَعَهٗ دَارَ الْكَرَامَةِ،
وَمَحَلَّ الْاِقَامَةِ، اَللّٰهُمَّ وَكَمَآ اَكْرَمْتَنَا بِمَعْرِفَتِهٖ فَاَكْرِمْنَا بِزُلْفَتِهٖ، وَارْزُقْنَا مُرَافَقَتَهٗ وَسَابِقَتَهٗ،
وَاجْعَلْنَا مِمَّنْ يُّسَلِّمُ لِاَمْرِهٖ وَيُكْثِرُ الصَّلٰوةَ عَلَيْهِ عِنْدَ ذِكْرِهٖ، وَعَلٰى جَمِيْعِ اَوْصِيَآئِهٖ وَاَهْلِ اَصْفِيَآئِهٖ
الْمَمْدُوْدِيْنَ مِنْكَ بِالْعَدَدِ، الِاثْنَیْ عَشَرَ، النُّجُوْمِ الزُّهَرِ، وَالْحُجَجِ عَلٰى جَمِيْعِ الْبَشَرِ، اَللّٰهُمَّ وَهَبْ لَنَا
فِیْ هٰذَا الْيَوْمِ خَيْرَ مَوْهِبَةٍ، وَّاَنْجِحْ لَنَا فِيْهِ كُلَّ طَلِبَةٍ كَمَا وَهَبْتَ الْحُسَيْنَ لِمُحَمَّدٍ جَدِّهٖ وَعَاذَ فُطْرُسُ
بِمَهْدِهٖ، فَنَحْنُ عَآئِذُوْنَ بِقَبْرِهٖ مِنْۢ بَعْدِهٖ، نَشْهَدُ تُرْبَتَهٗ، وَنَنْتَظِرُ اَوْبَتَهٗ، اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ

તેના પછી ઈમામ હુસૈન (અ.)ની દુઆ પઢે કે જે આપ (અ.)એ આશૂરાના દિવસે દુશ્મનો વચ્ચે ઘેરાઈ ગયા હતા તે સમયે પઢી હતી, અને તે દુઆ આ મુજબ છે:

اَللّٰهُمَّ اَنْتَ مُتَعَالِی الْمَكَانِ، عَظِيْمُ الْجَبَرُوْتِ، شَدِيْدُ الْمِحَالِ، غَنِیٌّ عَنِ الْخَلَآئِقِ، عَرِيْضُ الْكِبْرِيَآءِ،
قَادِرٌ عَلٰى مَا تَشَآءُ، قَرِيْبُ الرَّحْمَةِ، صَادِقُ الْوَعْدِ، سَابِغُ النِّعْمَةِ، حَسَنُ الْبَلَآءِ، قَرِيْبٌ اِذَا دُعِيْتَ،
مُحِيْطٌۢ بِمَا خَلَقْتَ، قَابِلُ التَّوْبَةِ لِمَنْ تَابَ اِلَيْكَ، قَادِرٌ عَلٰى مَآ اَرَدْتَّ، وَمُدْرِكٌ مَّا طَلَبْتَ، وَشَكُوْرٌ اِذَا
شُكِرْتَ، وَذَكُوْرٌ اِذَا ذُكِرْتَ، اَدْعُوْكَ مُحْتَاجًا، وَّاَرْغَبُ اِلَيْكَ فَقِيْرًا، وَّاَفْزَعُ اِلَيْكَ خَآئِفًا، وَّاَبْكِیْٓ اِلَيْكَ
مَكْرُوْبًا، وَّاَسْتَعِيْنُ بِكَ ضَعِيْفًا، وَّاَتَوَكَّلُ عَلَيْكَ كَافِيًا، اُحْكُمْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا فَاِنَّهُمْ غَرُّوْنَا
وَخَدَعُوْنَا وَخَذَلُوْنَا وَغَدَرُوْا بِنَا وَقَتَلُوْنَا، وَنَحْنُ عِتْرَةُ نَبِيِّكَ، وَوَلَدُ حَبِيْبِكَ مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰهِ،
الَّذِی اصْطَفَيْتَهٗ بِالرِّسَالَةِ، وَائْتَمَنْتَهٗ عَلٰى وَحْيِكَ، فَاجْعَلْ لَّنَا مِنْ اَمْرِنَا فَرَجًا وَّمَخْرَجًا بِرَحْمَتِكَ يَآ

اَرْحَمَ الرَّاحِمِیْنَ

**માહે શાબાનની પંદરમી તારીખની રાતના આમાલ:**

1. ગુસ્લ કરવું.
2. નમાઝ, દુઆ અને ઈસ્તિગ્ફાર માટે રાત્રે જાગવું.
3. ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે.

ઈમામ હુસૈન (અ.)ની એક નાની ઝિયારત છે કે જેને પોતાના ઘરની છત પર જઈને જમણી અને ડાબી તરફ નજર કરવી, અને પોતાનું માથું આસમાન તરફ કરીને આ મુજબ પઢે:

اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَبَا عَبْدِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

4. આ રાત્રે આ મુજબ દુઆ પઢે:

اَللّٰهُمَّ اَنْتَ الْحَيُّ الْقَيُّوْمُ، الْعَلِيُّ الْعَظِيْمُ، الْخَالِقُ الرَّازِقُ، الْمُحْيِي الْمُمِيْتُ، الْبَدِيْٓءُ الْبَدِيْعُ، لَكَ الْجَلَالُ، وَلَكَ الْفَضْلُ، وَلَكَ الْحَمْدُ، وَلَكَ الْمَنُّ، وَلَكَ الْجُوْدُ، وَلَكَ الْكَرَمُ، وَلَكَ الْاَمْرُ، وَلَكَ الْمَجْدُ، وَلَكَ الشُّكْرُ، وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ، يَا وَاحِدُ يَآ اَحَدُ، يَا صَمَدُ، يَا مَنْ لَّمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ، وَّاغْفِرْ لِيْ وَارْحَمْنِيْ، وَاكْفِنِيْ مَآ اَهَمَّنِيْ، وَاقْضِ دَيْنِيْ، وَوَسِّعْ عَلَيَّ فِيْ رِزْقِيْ، فَاِنَّكَ فِيْ هٰذِهِ اللَّيْلَةِ كُلَّ اَمْرٍ حَكِيْمٍ تَفْرُقُ، وَمَنْ تَشَآءُ مِنْ خَلْقِكَ تَرْزُقُ، فَارْزُقْنِيْ وَاَنْتَ خَيْرُ الرَّازِقِيْنَ، فَاِنَّكَ قُلْتَ وَاَنْتَ خَيْرُ الْقَآئِلِيْنَ النَّاطِقِيْنَ وَاسْاَلُوا اللّٰهَ مِنْ فَضْلِهٖ، فَمِنْ فَضْلِكَ اَسْاَلُ، وَاِيَّاكَ قَصَدْتُّ، وَابْنَ نَبِيِّكَ اعْتَمَدْتُّ، وَلَكَ رَجَوْتُ، فَارْحَمْنِيْ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ

5. આ મુજબ દુઆ પઢવી કે જેને રસૂલલ્લાહ (સ.) આ રાત્રે પઢતા હતા:

اَللّٰهُمَّ اقْسِمْ لَنَا مِنْ خَشْيَتِكَ مَا يَحُوْلُ بَيْنَنَا وَبَيْنَ مَعْصِيَتِكَ، وَمِنْ طَاعَتِكَ مَا تُبَلِّغُنَا بِهٖ رِضْوَانَكَ، وَمِنَ الْيَقِيْنِ مَا يَهُوْنُ عَلَيْنَا بِهٖ مُصِيْبَاتُ الدُّنْيَا، اَللّٰهُمَّ اَمْتِعْنَا بِاَسْمَاعِنَا وَاَبْصَارِنَا وَقُوَّتِنَا مَآ اَحْيَيْتَنَا، وَاجْعَلْهُ الْوَارِثَ مِنَّا، وَاجْعَلْ ثَارَنَا عَلٰى مَنْ ظَلَمَنَا، وَانْصُرْنَا عَلٰى مَنْ عَادَانَا، وَلَا تَجْعَلْ مُصِيْبَتَنَا فِيْ دِيْنِنَا، وَلَا تَجْعَلِ الدُّنْيَآ اَكْبَرَ هَمِّنَا، وَلَا مَبْلَغَ عِلْمِنَا، وَلَا تُسَلِّطْ عَلَيْنَا مَنْ لَّا يَرْحَمُنَا، بِرَحْمَتِكَ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ

6. દુઆએ કુમૈલ પઢે.
7. નીચે આપેલ તસ્બીહાતે અર્બઆ ૧૦૦ વખત પઢે:

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

8. આ રાત્રે નમાઝે જાફરે તય્યાર પઢે.
9. આ રાત્રે ચાર રકાત નમાઝ પઢે કે જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૧૦૦ વખત સૂરા તૌહીદ પઢે, અને નમાઝ પછી આ મુજબ પઢે:

اَللّٰهُمَّ اِنِّيْٓ اِلَيْكَ فَقِيْرٌ، وَّمِنْ عَذَابِكَ خَآئِفٌ مُّسْتَجِيْرٌ، اَللّٰهُمَّ لَا تُبَدِّلِ اسْمِيْ، وَلَا تُغَيِّرْ جِسْمِيْ، وَلَا تَجْهَدْ بَلَآئِيْ، وَلَا تُشْمِتْ بِيْٓ اَعْدَآئِيْ، اَعُوْذُ بِعَفْوِكَ مِنْ عِقَابِكَ، وَاَعُوْذُ بِرَحْمَتِكَ مِنْ عَذَابِكَ، وَاَعُوْذُ بِرِضَاكَ مِنْ سَخَطِكَ، وَاَعُوْذُ بِكَ مِنْكَ، جَلَّ ثَنَآؤُكَ، اَنْتَ كَمَآ اَثْنَيْتَ عَلٰى نَفْسِكَ وَفَوْقَ مَا يَقُوْلُ الْقَآئِلُوْنَ

**માહે શાબાનની પંદરમી તારીખનો દિવસ:**

આ દિવસે બારમા ઈમામ (અ.)ની ઝિયારત પઢે, અને આપના ઝુહૂર માટે દુઆ માગવી.

**માહે શાબાનના વધારાના આમાલ:**

1. માહે શાબાનની છેલ્લી ત્રણ તારીખના રોઝા રાખવા.
2. કુરઆને મજીદની તિલાવત કરવી.
3. ખૂબ જ દુઆઓ અને ઈસ્તિગ્ફાર કરવો.
4. નીચે મુજબની દુઆ ખૂબ જ પ્રમાણમાં પઢે:

اَللّٰهُمَّ اِنْ لَّمْ تَكُنْ غَفَرْتَ لَنَا فِيْمَا مَضٰى مِنْ شَعْبَانَ فَاغْفِرْ لَنَا فِيْمَا بَقِيَ مِنْهُ



# બનુ હાશિમના ગુલામો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

(ગતાંકનું ચાલુ)

**૬. હઝરત નસ્ર ઈબ્ને અબી નૈઝર (અ.)**

કરબલાના શહીદ. ઈમામ હુસૈન (અ.)ના સહાબી.[1]

**હસબ–નસબ:**

રિવાયતમાં છે કે આપ (અ.)ના વાલિદ અબૂ નૈઝર (રઝી.) કોઈ અજમી પ્રદેશના ગુલામ હતા અથવા નજ્જાશીના બેટા હતા, અને નાની ઉંમરથી જ ઈસ્લામ પ્રત્યે દિલચસ્પી રાખતા હતા, જેમને રસૂલલ્લાહ (સ.) લાવ્યા હતા. કેટલીક રિવાયતોમાં છે કે અબૂ નૈઝર (રઝી.) રસૂલલ્લાહ (સ.)ને આપવામાં આવ્યા હતા. આપ (રઝી.) રસૂલલ્લાહ (સ.)ના હાથ પર ઈસ્લામ લાવ્યા અને આપ (સ.)એ પોતે આપ (રઝી.)ની તર્બિયત કરી હતી. રસૂલલ્લાહ (સ.)ની વફાત પછી આપ (રઝી.) બીબી ફાતેમા (અ.) અને આપ (અ.)ની ઓલાદની સાથે થઈ ગયા હતા.[2]

**અબૂ નૈઝર (અ.) મૌલા અલી (અ.)ની સાથે:**

અબૂ નૈઝર (રઝી.) કહે છે કે, "હું બે જમીનના ટુકડા અબૂ નૈઝરના ઝરણા અને બુગૈબિગા[3]માં કામ કરી રહ્યો હતો. હઝરત અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.) મારી પાસે આવ્યા, અને ફરમાવ્યું કે, "શું તમારી પાસે કોઈ જમવાની વસ્તુ છે?" મેં કહ્યું કે, "એક એવું ખાણું છે કે જે મને અમીરુલ મોમિનીન (અ.)ને આપવું યોગ્ય નથી લાગતું; આ જમીનની દૂધીમાંથી બનાવેલું એક નિમ્નકક્ષાનું ખાણું છે." ઈમામ (અ.)એ ફરમાવ્યું કે, "મારી સામે તેને હાજર કરો." પછી રબીઅ નામના એક નાળા પાસે ગયા અને પોતાના હાથ ધોયા અને ખાણામાંથી થોડું જ જમ્યા અને પછી માટીથી હાથ ધોયા અને પછી બન્ને હાથોને ભેગા કરીને તેનાથી રબીઅનું પાણી પીધું. પછી ફરમાવ્યું કે, "અય અબૂ નૈઝર! હાથ સૌથી સાફ વાસણ છે." પછી ભીના હાથોને પોતાના પેટ મુબારક પર ફેરવ્યા, અને ફરમાવ્યું કે, "જે માણસ પોતાના પેટમાં આગ નાખે છે તેને અલ્લાહ પોતાનાથી દૂર કરી દે છે." પછી કોદાળી ઉઠાવી અને એ ઝરણા પાસે આવ્યા,

1 અલ–કામિલ લિલમુબર્રદ, જિલ્દ–૩, સફહા–૧૫૩; મુઅજમુલ બુલ્દાન, જિલ્દ–૪, સફહા–૧૭૫

2 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૭

3 બુગૈબિગા: આલે રસૂલ (અ.)નું ઝરણું, જ્યાંથી આલે રસૂલ (અ.) પીવા માટે પાણી ભરતા હતા, જ્યાં ઘણાંબધાં ખજૂરીનાં ઝાડ હતાં, અને પુષ્કળ પાણી હતું. (જુઓ: લિસાનુલ અરબ, જિલ્દ–૮, સફહા–૪૧૯)

અને ખોદવા લાગ્યા, આટલું કરતાં કરતાં સાંજ પડી ગઈ. જ્યારે આપ (અ.) કામ કરીને પાછા આવ્યા તો આપ (અ.)ની પેશાની પર પરસેવો ચમકી રહ્યો હતો, તો આપ (અ.)એ પોતાના પરસેવાને સાફ કર્યો, પછી ફરીથી કોદાળી લીધી અને ઝરણા પાસે આવ્યા, અને ખોદવા લાગ્યા, અને ખોદવાના કારણે આપ (અ.)ના મોઢામાંથી અવાજ આવતો હતો, પછી તેમાંથી પાણી ફૂટ્યું, અને ઝડપથી બહાર આવવા લાગ્યું. આપ (અ.)એ ફરમાવ્યું કે, “અલ્લાહ ગવાહ છે કે આ સદકો છે. મારી પાસે દવાત અને કાળગ લઈને આવો.” અબૂ નૈઝર કહે છે કે, “મેં આપ (અ.)ને દવાત અને કાગળ આપ્યા.” આપ (અ.)એ લખ્યું કે, “શરૂ અલ્લાહના નામથી કે જે રહમાન અને રહીમ છે, આ એ વસ્તુ છે કે જેને અલ્લાહનો બંદો અમીરુલ મોમિનીન અલી સદકો કરે છે. તેણે બે જમીનો કે જે અબૂ નૈઝર અને બુગૈબિગાના નામથી પ્રખ્યાત છે, તેને મદીનાના ગરીબો અને મુસાફરો માટે સદકો કર્યો છે, કે જેથી આના વડે કયામતના દિવસે અલ્લાહ તેના ચહેરાને દોઝખથી બચાવે; આ ન વેચી શકાશે કે ન કોઈને હદિયા તરીકે આપી શકાશે, એટલે સુધી કે અલ્લાહ પોતે આનો વારિસ ન બની જાય, અને અલ્લાહ બહેતરીન વારિસ છે.””[1]

**શહાદત:**

આપ (રઝી.)ના ફરઝંદ હઝરત નસ્ર (અ.) હતા, જેઓ ઈમામ અલી (અ.) અને ઈમામ હસન (અ.) પછી ઈમામ હુસૈન (અ.)ની સાથે જોડાઈ ગયા હતા, અને આપ (અ.)ની સાથે મદીનાથી મક્કા અને પછી કરબલા સુધી સફર કરી હતી, અને કરબલામાં આપ (અ.)ની શહાદત થઈ હતી, એ સમયે આપ (અ.) ઘોડા પર સવાર હતા, તો આપ (અ.)ના ઘોડાને જખ્મી કરવામાં આવ્યો હતો. પછી આપ (અ.)ને હમ્લએ ઊલામાં જ શહીદ કરી દેવામાં આવ્યા હતા.[2]

**૭. હઝરત હર્સ ઈબ્ને નબ્હાન (અ.):**

કરબલાના શહીદ. હઝરત અમીર હમ્ઝા (અ.)ના ગુલામ.

આપ (અ.)ના વાલિદ હઝરત નબ્હાન (રઝી.) હઝરત અમીર હમ્ઝા (અ.)ના ગુલામ હતા, ઘણા બહાદુર અને ઘોડેસવાર હતા. હઝરત હમ્ઝા (અ.)ની શહાદતના બે વર્ષ પછી આપ (રઝી.)ની વફાત થઈ ગઈ હતી. આપ (રઝી.)ના બેટા હઝરત હારિસ (અ.) અમીરુલ મોમિનીન (અ.)ની સાથે જોડાઈ ગયા. આપ (અ.)ના પછી ઈમામ હસન (અ.)નો સાથ આપ્યો, અને ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)ની સાથે થઈ ગયા. જ્યારે ઈમામ હુસૈન (અ.) મદીનાથી મક્કા નીકળ્યા ત્યારે હઝરત હારિસ (અ.) પણ ઈમામ (અ.)ની મદદમાં નીકળ્યા હતા, અને કરબલા સુધી ઈમામ (અ.)ના સાથે જ રહ્યા. જ્યારે દુશ્મનો સાથેની જંગ તીવ્ર બની તો આપ (અ.)ની મદદમાં જંગ કરી અને શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. (ક્રમશ:)

---

1 અલ–કામિલ લિલમુબર્રદ, જિલ્દ–૩, સફહા–૧૫૩

2 અબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૯૮

# હાફિઝ અને હાફિઝા થવા બદલ મુબારકબાદ

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)એ 'હાફિઝ/હાફિઝા કોર્સ'નો આશય બતાવતાં જણાવ્યું હતું કે મોમિનો પોતાના જીવનના દરેક પાસામાં કુરઆનની આયતોને પોતાના દિલમાં વસાવીને બરકત અને હિદાયત વડે પોતાના જીવનને કામયાબ બનાવી શકે છે, અને મોમિનો જ્યારે અલી (અ.)ની મોહબ્બત સાથે આ કિતાબને હિફ્ઝ કરે છે, તો અલ્લાહ તઆલા વધારે સવાબ આપે છે.

મેહેર લાઈબ્રેરી & જાફરી સેમિનરીમાં ઈ.સ. ૨૦૧૬થી અત્યાર સુધીમાં જે મોમિન ભાઈઓ અને બહેનોએ હિફ્ઝ પૂર્ણ કરેલ છે તે મુબારકબાદીને પાત્ર છે, જેમની યાદી નીચે મુજબ છે:



મૌલવી સાહેબ હસનઅબ્બાસ
અબ્દુલભાઈ પરબડીયા
(મુજાહિદપુરા)
ઈ.સ. ૨૦૧૬ થી ૨૦૧૯



મૌલવી સાહેબ મહમૂદહસન
અલીરઝા સુથાર
(બાદરપુર)
ઈ.સ. ૨૦૧૬ થી ૨૦૨૨



મોમિન શેરઅલી રસૂલભાઈ
આગલોડીયા
(રસૂલપુર ખેરાલુ)
ઈ.સ. ૨૦૧૭ થી ૨૦૨૨



મોમિન મોહંમદઅલી
કમ્બરઅલી દાવડા
(કાટવાડ)
ઈ.સ. ૨૦૧૯ થી ૨૦૨૫



મોમિના ઝૈનબફાતેમા
અકબરહુસૈન સાલેહ
(પીરોજપુરા)
ઈ.સ. ૨૦૧૭ થી ૨૦૨૦



મોમિના આબેદાબેન
આબિદહુસૈન મુખી
(કાકોશી)
ઈ.સ. ૨૦૧૭ થી ૨૦૨૫

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

## “ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા”

### અમારા ત્યાં બનતા ઉત્પાદનો

**ઘાણીના તેલ**

- સિંગ તેલ (મગફળીનું તેલ)
- સરસવ તેલ
- રાયડા તેલ
- તલ તેલ
- કોપરેલ તેલ
- બ્લેન્ડેડ હેર ઓઇલ
- બ્લેન્ડેડ મસાજ ઓઇલ

**મસાલા**

- પ્રીમિયમ મરચું પાઉડર
- રેશમપટ્ટી મરચું પાઉડર
- હોટ તેજા મરચું પાઉડર
- પ્રીમિયમ હળદળ પાઉડર
- પ્રીમિયમ ધાણા જીરું
- ધાણા પાઉડર
- સિંધવ નમક
- નેચરલ ચા પત્તી

↓↓↓

**ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય**



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

**વધુ માહિતી માટે સંપર્ક કરો:**
83476 14814

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે...**



ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ દાવૂદભાઈ વેપારી** મુ.તા. ૨૬, જમા.અવ્વલ-૧૪૪૭ તા.૧૮/૧૧/૨૦૨૫ને મંગળવારના રોજ ૭૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ સાથળનિવાસી **મર્હૂમા ઝૈનબબેન હસનઅલી મોમિન** મુ.તા. ૨૫, જમા.અવ્વલ-૧૪૪૭ તા.૧૭/૧૧/૨૦૨૫ને સોમવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કાટવાડનિવાસી **મર્હૂમ મો.ગુલામઅબ્બાસ ઈબ્રાહીમભાઈ ખણસીયા** મુ.તા. ૦૩, જમા.આખર-૧૪૪૭ તા.૨૫/૧૧/૨૦૨૫ને મંગળવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ મેતાનિવાસી **મર્હૂમા મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ અસામદી** મુ.તા. ૦૭, જમા.આખર-૧૪૪૭ તા.૨૭/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



સુરપુરનિવાસી **મર્હૂમ મો.હૈદરઅલી ઈબ્રાહીમભાઈ સુરપુરા** મુ.તા. ૧૧, જમા.આખર-૧૪૪૭ તા.૦૩/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કનાઈનિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન અમદાભાઈ કોવડીયા** મુ.તા. ૧૧, જમા.આખર-૧૪૪૭ તા.૦૩/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ ૭૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



મેતાનિવાસી **મર્હૂમા મો.ફાતમાબેન રસૂલભાઈ શેલીયા** મુ.તા. ૦૩, રબી.આખર-૧૪૪૭ તા.૨૬/૦૯/૨૦૨૫ને શુક્રવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.⟶



⟵ કાટવાડનિવાસી **મર્હૂમા મો.ઝૈનબબેન ઈબ્રાહીમભાઈ વિજાપુરા** મુ.તા. ૧૨, જમા.આખર-૧૪૪૭ તા.૦૩/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

AHAD™
SOLARTECH

# સોલાર અપનાવીએ,
# વિજબીલ બચાવીએ.

- ₹ 3000/- ના સરળ હપ્તે
- મેળવો ₹ 78,000/- સબસિડી
- શુન્ય ડાઉન પેમેન્ટ

5 વર્ષનો અનુભવ

5 STARS Rating on Google

અનુભવ

2,200+ ગ્રાહકો | 5+ વર્ષ અનુભવ | 3+ રાજ્યોમાં કરેલા કામ

2,600+ આજ સુધી કરેલા પ્રોજેક્ટ | 25,000+ આજ સુધી લગાવેલા કિલોવોટ



+91 84011 03129 | +91 97234 59440

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૨૦૦૦/- મર્હૂમા ઝૈનબબેન હસનઅલી મોમિન (સાથળ)ની રૂહના સવાબ અર્થે તેમના દીકરાઓ અને પરિવારજનો તરફથી.

રૂા.૨૦૦૦/-મો.અહમદઅબ્બાસ ગુલામઅબ્બાસ ખાણસીયા (કાટવાડ) તથા તેમના પરિવાર તરફથી મર્હૂમ મો.ગુલામઅબ્બાસ ઈબ્રાહીમભાઈ ખાણસીયાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ અસામદી (મેતા)ના પરિવાર તરફથી મર્હૂમા મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ અસામદીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.સાજેદાબેન મંજૂરએહમદ સુણસરા (મેતા) તરફથી મર્હૂમા મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ અસામદીની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ દાવૂદભાઈ વેપારી (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ વેપારી
રૂા.૫૦૦/- મો.મહદીહુસૈન દાવૂદભાઈ વેપારી
રૂા.૨૦૦/- મો.અલીરઝા નૂરભાઈ વેપારી
રૂા.૨૦૦/- મો.ગુલામઅબ્બાસ નૂરભાઈ વેપારી
રૂા.૨૦૦/- મો.મહદીઅલી નૂરભાઈ વેપારી
રૂા.૨૦૦/- મો.ઝાહિદઅબ્બાસ ગુલામહુસૈન વેપારી
રૂા.૨૦૦/- મો.આબિદઅલી ગુલામહુસૈન વેપારી
રૂા.૨૦૦/- મો.નઝરમોહંમદ ગુલામહુસૈન વેપારી
રૂા.૨૦૦/- મો.કાસિમભાઈ ગુલામભાઈ ગોદડ
રૂા.૫૦૦/- મો.ઝૈનબફાતેમા બાકરઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન ગુલામમોહંમદ મસી
રૂા.૧૦૦/- મો.સલમાફાતેમા ફૈઝઅહમદ નૂરભાણેજ
રૂા.૧૦૦/- મો.શાકેરાફાતેમા અહમદઅબ્બાસ ભટ્ટા
રૂા.૧૦૦/- મો.હબીબાબાનું મોહંમદહુસૈન મસી
રૂા.૧૦૦/- મો.તાહેરાબાનું મહદીઅલી દાવડા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાફાતેમા મહેરબાનઅલી દાંત્રેલીયા
રૂા.૧૦૦/- મો.શાકેરાફાતેમા અહમદઅબ્બાસ થાવરા
રૂા.૧૦૦/- મો.અસ્મતફાતેમા કાસિમઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.બિલ્કીસફાતેમા આસિફઅલી ડોડીયા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન તાહેરઅલી દાવડા
રૂા.૨૦૦/- મો.અઝમતફાતેમા મન્સૂરઅલી વેપારી
રૂા.૨૦૦/- મો.મોહંમદઅબ્બાસ મહદીહુસૈન વેપારી
રૂા.૨૦૦/- મો.મન્સૂરઅલી મહદીહુસૈન વેપારી
રૂા.૧૦૦/- મો.રબાબઝહરા મન્સૂરઅલી વેપારી

**મર્હૂમ મો.હૈદરઅલી ઈબ્રાહીમભાઈ સુરપુરા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦૦/- મો.વઝીરઅલી હૈદરઅલી સુરપુરા
મો.આબિદઅલી હૈદરઅલી સુરપુરા
રૂા.૨૦૦/- મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ સુરપુરા
રૂા.૨૦૦/- મો.ખિઝરઅલી કમ્બરભાઈ સુરપુરા
રૂા.૨૦૦/- મો.મોહંમદજાફર અલીરઝા ખાણશીયા
રૂા.૨૦૦/- મો.સકીનાબેન મિક્દાદઅલી સુરપુરા
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન હૈદરઅલી સુરપુરા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન નૂરઅલી માણસીયા (જેઠીપુરા)

**મર્હૂમ મો.ગુલામહુસૈન અમદાભાઈ કોવડીયા (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ખાદિમહુસૈન ગુલામહુસૈન કોવડીયા
રૂા.૫૦૦/- મો.આબેદાબેન મીસમઅલી દાવડા
રૂા.૫૦૦/- મો.સાબેરાબેન મોહંમદઅલી ડોડીયા
રૂા.૭૦૦/- મો.તાહેરાબેન આબિદઅલી કોવડીયા
રૂા.૫૦૦/- મો.ઝહરાબતૂલ અહમદઅબ્બાસ પટેલ
રૂા.૫૦૦/- મો.નફીસાબેન મોહસિનઅલી અરોડીયા
રૂા.૫૦૦/- મો.સુગરાબેન ગુલામહુસૈન દેધરોટીયા
રૂા.૫૦૦/- મો.તાહેરાફાતેમા ઈસ્માઈલહુસૈન દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.રહમતફાતેમા સિરાજઅહમદ દેધરોટીયા
રૂા.૫૦૦/- મો.સકીનાફાતેમા મંઝૂરઅલી વિજાપુરા
રૂા.૫૦૦/- મો.શેરઅલી યૂસુફભાઈ કોવડીયા
રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ અમદાભાઈ કોવડીયા
રૂા.૫૦૦/- મો.શરીફભાઈ અમદાભાઈ કોવડીયા
રૂા.૫૦૦/- મો.યાકૂબઅલી ઈબ્રાહીમભાઈ કોવડીયા
રૂા.૫૦૦/- મો.ગુલામઅબ્બાસ ઈબ્રાહીમભાઈ કોવડીયા
રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી ઈબ્રાહીમભાઈ કોવડીયા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન વઝીરઅલી મસી
રૂા.૧૦૦/- મો.ખુદેજાબેન યૂસુફભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મહદીહસન દાવડા
રૂા.૧૦૦/- મો.રાશેદાબેન હસનઅલી મસી
રૂા.૧૦૦/- મો.હમીદાબેન ઈમ્દાદઅલી દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન ઝાકિરઅલી પટેલ

**મર્હૂમા મો.ઝૈનબબેન ઈબ્રાહીમભાઈ વિજાપુરા (કાટવાડ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.તાલિબઅલી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૫૦૦/- મો.ફિઝ્ઝાબેન તાલિબઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.એહસાનઅલી તાલીબઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.કનીઝફાતેમા ઈમ્તિયાઝઅલી લોઢા (હરીપુરા)
રૂા.૫૦૦/- મો.મિક્દાદઅલી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૫૦૦/- મો.અસ્માબેન મિક્દાદઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.મંઝૂરઅલી મિક્દાદઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.નજમાબેન જાફરઅલી દાવડા
રૂા.૫૦૦/- મો.સલમાનઅલી ઈબ્રાહીમભાઈ વિજાપુરા
રૂા.૫૦૦/- મો.સાજેદાબેન સલમાનઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.ઝાહિદઅલી સલમાનઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.હબીબાફાતેમા સલમાનઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન શૌકતઅબ્બાસ ડોડીયા
રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ દાવડા
રૂા.૧૦૦/- મો.નજમાબેન મોહંમદઅલી મસી (ઈલોલ ત.)
રૂા.૫૦૦/- મો.કુલસૂમબેન મત્લૂબઅલી દાવડા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન હસનઅબ્બાસ ડોડીયા
રૂા.૫૦૦/- મો.ઝહરાબેન યાકુબભાઈ લોઢા (હરીપુરા)
રૂા.૧૦૦/- મો.હમીદાબેન નજરઅલી રેવાસીયા (જેઠીપુરા)
રૂા.૫૦૦/- મો.ફિઝ્ઝાબેન આબિદઅલી લોઢા (ઈલોલ ત.)
રૂા.૫૦૦/- મો.તાહેરાબેન મહદીઅલી ગોદડ (ઈલોલ પ.)
રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી મહદીઅલી ગોદડ (ઈલોલ પ.)
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન ઈનામહુસૈન લોઢા (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન મોહંમદઅલી લોઢા (ઈલોલ પ.)
રૂા.૧૦૦/- મો.અસ્મતફાતેમા મંઝૂરઅલી બલોસપુરા (ઈલોલ પ.)
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા આબિદહુસૈન બલોસપુરા (ઈલોલ પ.)
રૂા.૫૦૦/- મો.રાબિયાબેન આબિદઅલી કોવડીયા (કનાઈ)
રૂા.૧૦૦/- મો.સાજિદહુસૈન આબિદઅલી કોવડીયા (કનાઈ)
રૂા.૧૦૦/- મો.ઝૈનબફાતેમા આબિદઅલી કોવડીયા (કનાઈ)

રૂા.૩૪૪૦/- ડૉ.સિરાજઅલી હૈદરઅલી બટ્ટી (બાદરપુર) તરફથી તેમની પુત્રી રબાબઝહરાના જન્મની ખુશાલી પ્રસંગે.